Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૩

# ક્ષમા

પંચપરમેષ્ઠી ભગવંતો અને સર્વે સાધકધર્માત્માઓ વીતરાગભાવની આરાધનાપૂર્વક આપણને પણ એ જ માર્ગ બતાવીને પરમ ઉપકાર કરી રહ્યા છે....પરમવત્સલતાથી તેઓ આપણને ક્રોધ અને આત્માનું પૃથક્કરણ કરાવીને પરમ ક્ષમાધર્મની આરાધના શીખવે છે.

આવા પરમ ઉપકારી સન્તોનો ઉપકાર શબ્દોમાં સમાઈ શકે નહીં; આત્માના અસંખ્યપ્રદેશ ખોલીને તેમાં સન્તોએ બતાવેલા વીતરાગી ક્ષમાભાવને ભરી દઈએ ને ક્રોધના કોઈ અંશને તેમાં રહેવા ન દઈએ...આવી આરાધના એજ સાચી ઉત્તમક્ષમા છે. એક જ ધર્મને સાધનારા આપણે સૌ સાધર્મીઓ પરસ્પર પરમ પ્રીતિથી આવી ક્ષમાના આરાધક બનીએ.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર    સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૬, ભાદરવો (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૭ : અંક ૧૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# 卐 ઉત્તમ ક્ષમા ગ્રહો રે ભાઈ ! 卐




## 卐 ઉત્તમક્ષમાદિ દશધર્મની પરિ-ઉપાસના તેનું નામ પર્યુષણ 卐

૧. પીડેં દુષ્ટ અનેક, બાંધ-માર બહુવિધિ કરેં, ધરિયે ક્ષમા વિવેક, કોપ ન કીજે જીયરા।
૨. માન મહા વિષરૂપ, કરે નીચગતિ જગતમેં, કોમલ સુધા અનૂપ, સુખ પાવે પ્રાણી સદા।
૩. કપટ ન કીજે કોય, ચોરનકે પુર ના વસે, સરલ સુભાવી હોય, તાકે ઘર બહુ સંપદા।
૪. કઠિન વચન મત બોલ, પરનિંદા અરુ જૂઠ તજ, સાંચ જવાહર ખોલ, સત્વાદી જગમેં સુખી।
૫. ધારિ હિરદે સંતોષ, કરો તપસ્યા દેહસોં, શૌચ સદા નિરદોષ, ધરમ બડો સંસારમેં।
૬. કાય છહોં પ્રતિપાલ, પંચેન્દ્રિય મન વશ કરો, સંયમ રતન સંભાળ, વિષય ચોર બહુ ફિરતે હૈં।
૭. તપ ચાહે સુરરાય, કરમશિખરકો વજ્ર હૈ, દ્વાદશવિધિ સુખદાય, ક્યોં ન કરે નિજશક્તિસમ।
૮. દાન ચાર પરકાર, ચાર સંઘકો દીજિયે, ધન બિજલી ઉનહાર નરભવ લાહો લીજિયે।
૯. પરિગ્રહ ચોવીસ ભેદ, ત્યાગ કરેં મુનિરાજજી, તૃષ્ણા ભાવ ઉછેદ, ઘટતી જાન ઘટાઈએ।
૧૦. શીલ વાડ નૌ રાખ, બ્રહ્મભાવ અંતર લખો, કરિ દોનોં અભિલાષ કરો સફળ નરભવ સદા।

**દશલક્ષણધર્મધારક રત્નત્રયવંત નિર્ગ્રંથગુરુ મુનિભગવંતોને નમસ્કાર.**

દીવાળી સુધીનું
લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૬
ભાદરવો
1970 Sept.

* વર્ષ ૨૭: અંક ૧૧ *

# 卐 આનંદપૂર્વક ક્ષમાધર્મની આરાધના 卐

( ભાદરવા સુદ પાંચમના પ્રવચનમાંથી )

આજે દશલક્ષણ ધર્મનું પર્વ શરૂ થાય છે; પહેલો દિવસ ઉત્તમ ક્ષમાનો છે. ઉત્તમક્ષમા ક્યારે થાય ? કે જેણે પર્યાયને અંતરમાં વાળીને આનંદસ્વરૂપ આત્માનો પત્તો મેળવ્યો છે, તે જીવ તે આનંદધામમાં રમણતા કરે, ત્યારે બહારની ગમે તેવી પ્રતિકૂળતામાંય ક્રોધભાવ ઉત્પન્ન ન થાય,–આવી ઉત્તમક્ષમા છે. ચારિત્રધર્મમાં ઉત્તમક્ષમાદિ સમાય છે. દશધર્મની શરૂઆતમાં કહે છે કે–જે રત્નત્રયયુક્ત છે તથા નિત્ય ક્ષમાદિ ભાવરૂપ પરિણત છે અને સર્વત્ર જેને મધ્યસ્થભાવ છે એવા સાધુ તે પોતે ધર્મ છે.

ક્રોધ વગરનો શાંત–શાંત સ્વભાવ અનુભવમાં આવ્યા વગર સાચી ક્ષમા પ્રગટે નહીં. આત્માના અનુભવ ઉપરાંત ચારિત્રમોહનો પણ નાશ કરીને તેમાં એવી લીનતા પ્રગટે કે–

બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.

–આવી ઉત્તમક્ષમામાં આત્માનો અતીન્દ્રિય આનંદ છે. આનંદપૂર્વકની આ ઉત્તમક્ષમા છે, ને તે મોક્ષનું કારણ છે. દશ પ્રકારનો જે ધર્મ છે તે આનંદથી ભરપૂર છે, તે શુદ્ધ ચેતનારૂપ છે. જે વિકલ્પ ઊઠે તે તો દુઃખ છે, તે કાંઈ ધર્મ નથી. અહીં કહે છે કે હે જીવ ! આત્માનો આનંદ જેમાં છે એવા આ વીતરાગ દશધર્મોને તું પરમ ભક્તિથી જાણ ! આવા ધર્મને જાણીને પરમભક્તિથી તેની આરાધના કર.

અહો ! આ ઉત્તમક્ષમાદિ મારા આત્માના પરમ હિતકાર છે, તે સુખ દેનાર છે. મારા સ્વભાવના આ દશ ધર્મો તે મારા આત્માને આનંદ દેનાર છે. –આમ અત્યંત ધર્માનુરાગથી દશ ધર્મોને જાણવા અને આરાધવા.

પ્રથમ ઉત્તમક્ષમાધર્મની વાત કરે છે–

( કાર્તિકસ્વામીરચિત દ્વાદશઅનુપ્રેક્ષા ગાથા ૩૯૪ )

મનુષ્યો–દેવો–પશુઓ કે અચેતનકૃત ગમે તેવા ઘોર ભયાનક ઉપસર્ગ થાય તોપણ જેમનું ચિત્ત જરાપણ ક્રોધથી તપ્ત થતું નથી તેમને નિર્મળ ક્ષમા હોય છે. સુકુમારમુનિ, સુકૌશલમુનિ, પાંડવમુનિવરો, પારસનાથ મુનિરાજ વગેરેએ પશુ–મનુષ્ય કે દેવકૃત ઉપસર્ગ સહન કરીને ક્ષમાધર્મની આરાધના કરી છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ આ દ્વાદશઅનુપ્રેક્ષા વાંચી હતી, તેથી ‘અપૂર્વ અવસર’ માં પણ કહ્યું કે ‘બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં.’

હું તો જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં શાંત અકષાય ચૈતન્યરસ ભર્યો છે; તેના વેદનસહિત ઉત્તમક્ષમા તે આનંદકારી છે. ‘હું તો આનંદ છું મારા આનંદમાં પ્રતિકૂળતા કરનાર જગતમાં કોઈ છે નહીં’–આમ આનંદમાં રહેતાં ખેદની ઉત્પત્તિ જ થતી નથી. ક્રોધ વડે કોઈ જીવ કદાચ શરીરને ઘાતે, પણ મારા ક્ષમાધર્મને કોઈ હણી શકે નહીં–એમ દેહથી ભિન્ન પોતાના સ્વભાવની ભાવના વડે ધર્માત્માઓને ક્ષમાધર્મ હોય છે.

આ ક્ષમા મુખ્યપણે મુનિને હોય છે, ને શ્રાવકને પણ તેનો એકદેશ હોય છે. શ્રાવક પણ ધર્માત્મા છે, ધર્મનો પંથ પકડીને તે આનંદધામના રસ્તે ચાલે છે. પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં કહે છે કે જેટલા ધર્મો મુનિના છે તે બધા ધર્મોનો અંશ શ્રાવકને પણ હોય છે. પણ એમ નથી કે મુનિને જ ધર્મ હોય ને શ્રાવકને ધર્મ ન હોય. શ્રાવકોએ પણ ચૈતન્યસ્વભાવના ભાનપૂર્વક ઉત્તમક્ષમાદિ ધર્મોની આરાધના કરવી. આ ધર્મની આરાધના પર્યુષણના દિવસોમાં જ થાય એમ કાંઈ નથી, તે તો ગમે ત્યારે જીવ જ્યારે કરે ત્યારે થાય છે. કોઈપણ ક્ષણે જીવ ધર્મની આરાધના કરીય શકે છે. આત્માના આનંદપૂર્વક ગજસુકુમાર આદિ મુનિવરોએ ઉત્તમક્ષમાને આરાધી. દેહ અગ્નિથી ભસ્મ થતો હતો, પણ તે જ વખતે આત્મા તો શાંતરસના શેરડામાં મગ્ન હતો, ક્ષમામાં દુઃખ નથી, ક્ષમામાં તો અતીન્દ્રિય આનંદના ઘૂંટડા છે.

ક્ષમાનો–ઉપદેશ આપતાં કહે છે કે હે જીવ! બહારમાં પ્રતિકૂળતાનો પ્રસંગ આવે ને તે તરફ લક્ષ જાય તો તેને ક્રોધનું નિમિત્ત ન બનાવતાં એમ વિચારીને ક્ષમા રાખવી કે–નિંદા વગેરે કરનાર જે દોષ કહે છે તેવા દોષ જો મારામાં વિદ્યમાન હોય તો તે શું ખોટું કહે છે?–મારા દોષ મારે ટાળવા જોઈએ; તે દોષ બતાવીને તે ઉપકાર જ કરે છે. અને મારામાં ન હોય એવા દોષ જો કહેતો હોય તો એ તો એનું અજ્ઞાન થયું; તેમાં મને શું નુકશાન થયું?–મારે ક્રોધ કરીને શા માટે દુઃખી થવું? કોઈ નિંદે–મારે કે પ્રાણ હરે તોપણ તે કાંઈ મારા સમ્યક્ત્વાદિ ધર્મનો તો નાશ નથી કરતો. આવી ભાવના વડે ધર્મી–મુનિવરો પ્રાણ જાય તોપણ ક્ષમાધર્મથી ચ્યુત થતા નથી ને ક્રોધ કરતા નથી, તેમને ક્ષમાની આરાધના છે.

સમયસારમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ વસ્તુસ્વરૂપ બતાવતાં કહે છે કે ભાઈ, નિન્દા–પ્રશંસાના શબ્દો, કે સ્પર્શ–રસ વગેરે પદાર્થો કાંઈ તને રાગ–દ્વેષ કરાવતા નથી; તે પદાર્થો તને કહેતા નથી કે તું અમારી સામે જોઈને રાગ કે દ્વેષ કર; તેમજ તારો આત્મા પણ તે પદાર્થોમાં જતો નથી.–આ રીતે અત્યંત ભિન્નતા હોવાથી, આત્મા પરદ્રવ્યો પ્રત્યે અત્યંત ઉદાસીન છે; તેને જાણતાં રાગ–દ્વેષ કરે એવો આત્માનો સ્વભાવ નથી. જેમ દિવાના પ્રકાશમાં કોઈ શુભ હો કોઈ અશુભ હો,–પણ દીવો તો તેના પ્રત્યે રાગ કે દ્વેષ કરતો નથી, તે તો પોતાના પ્રકાશક–સ્વભાવથી પ્રકાશ્યા જ કરે છે. તેમ જ્ઞાનનો સ્વભાવ–સ્વ–પર પ્રકાશક છે; તેના જ્ઞાનપ્રકાશમાં નિંદાના શબ્દો પરિણમે કે પ્રશંસાના શબ્દો પરિણમે, પણ જ્ઞાનપ્રકાશનો સ્વભાવ તેમાં દ્વેષ કે રાગ કરવાનો નથી, તે તો પોતાના પ્રકાશકસ્વભાવમાં જ વર્તે છે. –આવા જ્ઞાન સ્વભાવને જાણતાં જીવ ઉપશમભાવને પામે છે. આવા ઉપશમભાવનો અનુભવ થતાં ક્રોધાદિનો અભાવ થઈ ગયો, તે જ ઉત્તમ એટલે કે વીતરાગી ક્ષમા ધર્મ છે. જ્ઞાનનું જ્ઞાનસ્વરૂપમાં સ્થિર રહેવું ને તેમાં ક્રોધાદિ વિક્રિયા ન થવી તે જ ક્ષમાધર્મની ઉપાસના છે; ને આવી ક્ષમા તે આનંદની દાતાર છે.

**આનંદકારી ક્ષમાધર્મનો જય હો.**



# 卐 આત્માના આનંદને કેવી રીતે સાધવો ? 卐

**આત્માને ધ્યાવવો હોય તો પરની ચિંતાનો બોજો ઉતારી નાંખ,**
**અને આત્માની વીરતા પ્રગટ કર...ધર્મ સાધવાની આ મોસમ છે.**

❄ ❄ ❄ ❄ ❄

∗ [ અષ્ટપાહુડ–મોક્ષપ્રાભૃતના પ્રવચનોમાંથી ] ∗

આત્માના સ્વભાવમાં દોષ નથી, આત્માનો અસલ સ્વભાવ અનંત જ્ઞાન–આનંદ ગુણસંપન્ન છે; પણ પર્યાયમાં દોષ છે, તે દોષનો અભાવ થઈને શુદ્ધદશા પ્રગટે તેનું નામ સુખ અને તેનું નામ મોક્ષ. આવી મોક્ષદશા કેમ પ્રગટે ? કે જીવ–અજીવની વિભક્તીને એટલે કે ભિન્નતાને જાણીને, શુદ્ધઆત્માના ધ્યાન વડે પુણ્ય–પાપનો પરિહાર કરતાં ઉત્તમ વીતરાગીસુખ પ્રગટે છે; આત્માનો આનંદ જેને જોઈતો હોય તેણે ક્રોધાદિ દોષથી રહિત નિર્મળ સ્વભાવને ધ્યાવવો.

જેના મતમાં જીવ–અજીવની ભિન્નતાનું ભાન નથી, તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાયને જે ઓળખતો નથી, તેને આત્માનું ધ્યાન હોતું નથી. વસ્તુની જેને ખબર જ નથી તેને ધ્યાન કેવું ? તેથી કહે છે કે જિનમતઅનુસાર જીવ–અજીવના યથાર્થ સ્વરૂપને શ્રદ્ધા–જ્ઞાનમાં લ્યે, અને પછી શુદ્ધ જીવસ્વભાવમાં એકાગ્ર થઈને પુણ્ય–પાપનો પરિહાર કરે, એ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે સુશોભિત આત્મા ઉત્તમસુખરૂપ મોક્ષને સાધે છે.

આત્માનું ધ્યાન કોણ કરી શકે ? પ્રથમ તો યથાર્થ વસ્તુસ્વરૂપ નક્કી કરીને જેણે મિથ્યાત્વશલ્ય કાઢી નાંખ્યું છે, તે પરથી વિમુખ અને સ્વની સન્મુખ થઈને આત્માને ધ્યાવે છે. જેને પરની ચિંતાનો પાર નથી તેને સ્વનું ધ્યાન ક્યાંથી થાય ? જેનો ઉપયોગ જ પરની ચિંતામાં રોકાયેલો છે તેનો ઉપયોગ આત્મા તરફ ક્યાંથી વળશે ? માટે કહે છે કે નિશ્ચિંત અને નિભૃત પુરુષો વડે જ આત્મા સધાય છે. પરની ચિંતાનો બોજો જેણે જ્ઞાનમાંથી કાઢી નાંખ્યો છે, મારા જ્ઞાનમાં પરનું કામ નથી, પરનો બોજો નથી, અને ક્રોધાદિ પરભાવો પણ મારા ચૈતન્ય–પિંડમાં નથી,–આમ જ્ઞાનમાંથી

પરદ્રવ્યોની ચિંતાને અને પરભાવોના બોજાને ખંખેરી નાંખીને, શુદ્ધજ્ઞાન વડે ધર્મીજીવ આત્માને ધ્યાવે છે, ને ધ્યાનમાં તે અતીન્દ્રિય આનંદને અનુભવે છે.

જેને ક્રોધ–માન–માયા–લોભની તીવ્રતા હોય, તેમાં જ જેનો ઉપયોગ રોકાઈ ગયો હોય તે જીવ સ્વભાવનો રસ લગાડયા વિના તેમાં ઉપયોગને કઈ રીતે જોડશે? અરે, ચિદાનંદસ્વભાવ સર્વ દોષ વગરનો નિર્દોષ ભગવાન, તેમાં જેનો ઉપયોગ વળે તેને ક્રોધાદિ કષાયોનો રસ કેમ રહે? આવા સ્વભાવનો જેને પ્રેમ છે તેને ગૃહસ્થપણામાંય ક્યારેક ક્યારેક સ્વરૂપમાં ઉપયોગ થંભી જાય છે ને નિર્વિકલ્પ અનુભવમાં પરમ આનંદ અનુભવાય છે.

અજ્ઞાની જીવો પોતાના ઉપયોગને ક્રોધાદિ પરભાવોમાં એકાગ્ર કરે છે; ને જ્ઞાની ક્રોધથી ભિન્ન એવા ચેતનસ્વભાવમાં ઉપયોગને એકાગ્ર કરે છે. શુભરાગમાં ઉપયોગની એકતાની જેને બુદ્ધિ છે તેને પણ ક્રોધમાં જ એકાગ્રતા છે, ઉપયોગમાં એકાગ્રતા નથી. જ્ઞાનીને ક્રોધ વખતેય ક્રોધમાં એકતાની બુદ્ધિ નથી, તેનાથી ભિન્ન એવા ઉપયોગને જ તે સ્વપણે અનુભવે છે. અરે, આવું ભેદજ્ઞાન પણ જે ન કરે ને પરભાવના અગ્નિમાં શાંતિ માને, તે તેનાથી છૂટીને આત્માને ક્યારે ધ્યાવે? અને ક્યારે તે સાચી શાંતિને પામે? રૂદ્રપરિણામમાં રોકાયેલો જીવ સિદ્ધિસુખને ક્યાંથી દેખે? રાગની ભાવનાવાળો વિષયોમાં મગ્ન જીવ ચૈતન્યગૂફામાં પરમાત્મભાવના કઈ રીતે કરે? સમકિતી દુનિયામાં ગમે ત્યાં હો પણ તે પોતાના ચિદાનંદ સ્વભાવમાં જ છે, બહારમાં તે ગયા જ નથી, ને રાગાદિ પરભાવમાંય તે ખરેખર ગયા નથી કેમકે તેમાં તે એકમેક નથી. ગમે તેવી પ્રતિકૂળતાના પહાડ વચ્ચેય આવા આત્માની શ્રદ્ધા અને પ્રેમ ન છૂટે ત્યારે સમજીએ કે આત્માનો રસ છે. ભાઈ, બહારની પ્રતિકૂળતા તારામાં છે જ ક્યાં? કે તને નડતર કરે! અને બહારનાં અનુકૂળ કાર્યો પણ ક્યાં તારા છે કે તું તેનો બોજો અને ચિંતા રાખ? જે વસ્તુ પોતાની છે જ નહિ, જે વસ્તુમાં પોતાનું અસ્તિત્વ જ નથી, અને જે વસ્તુનું કાર્ય આત્માનું નથી, તેની ચિંતામાં કે તેના ભયમાં જ્ઞાની કેમ રોકાય? ચિંતાને તો ચેતનાથી જુદી કરી નાંખી છે. –આવી જ્ઞાનચેતના ધર્મીના અંતરમાં હોય છે; ને આવી ચેતના વડે જ આત્માનો આનંદ સધાય છે.

ભાઈ! તારે આત્માને સાધવો હોય તો તારી ચેતનાને તારા આત્મામાં સંકેલ... બહારથી ચેતનાને પાછી વાળીને નિજસ્વરૂપની સન્મુખ કર...નિજસ્વરૂપમાં ચેતનાને એવી તન્મય કર કે જગતની લાખો પ્રતિકૂળતા આવે તોય તેમાંથી ચલિત ન થાય. જાુઓ, આ પાંડવ ભગવંતો...તેમણે શત્રુંજય પર્વત પર નિજ ધ્યેયના ધ્યાનમાં ચેતનાને એવી એકાગ્ર કરી છે કે બહારમાં શરીર સળગી જતું હોવા છતાં ધ્યાનથી ડગતા નથી, ને ત્રણ પાંડવો તો તે જ વખતે કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામે છે. વાહ! આત્માની વીરતા તો જુઓ! મારા ધ્યાનમાં બીજી ચીજ છે જ ક્યાં–કે મને વિઘ્ન કરે! અતીન્દ્રિય આનંદના અનુભવમાં મશગુલ આત્માને વિઘ્ન કેવાં, ને દુઃખ કેવાં? સમ્યગ્દર્શન માટે પણ આત્માનું આવું નિર્વિકલ્પધ્યાન થાય છે ને તે ધ્યાન વખતે દુનિયાનું લક્ષ છૂટી જાય છે.–પછી ભલે કોઈ બહારના વિકલ્પો આવે, ચિંતા આવે.–પણ તે ધર્મીના અનુભવમાં વિકલ્પ અને ચિંતાથી ભિન્ન જે આત્મા આવ્યો છે તેની માન્યતા કદી છૂટતી નથી. વજ્ર પડે તોપણ ધર્મી પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધાથી ડગતો નથી, તે શ્રદ્ધામાં વિકલ્પ અડયો જ નથી, તે શ્રદ્ધામાં કોઈ ભયનો પ્રવેશ નથી; તે તો આત્માના આનંદમાં જ વ્યાપી ગઈ છે. **વાહ, જાુઓ આ સમ્યગ્દર્શનનો ધર્મ! ભાઈ! અત્યારે તો આવો ધર્મ સાધવાની મોસમ છે...ધર્મની સાચી કમાણીનો આ અવસર છે.-આ અવસરને તું ચુકીશ મા. બીજી ચિન્તામાં અટકીશ મા.**

* * *

આત્મા આનંદસ્વરૂપ વસ્તુ છે. ક્રોધ–માન–રાગ–દ્વેષાદિ દોષો છે, તે દુઃખરૂપ છે, પર્યાયમાં આવા જે દોષો છે તેને દુઃખદાયક જાણીને દૂર કર્યા વગર આત્માનો આનંદ અનુભવમાં આવે નહીં. મારી ચૈતન્યવસ્તુ આનંદથી ભરેલી, તેમાં ક્રોધાદિ છે જ નહીં–એમ લક્ષમાં લઈને તેનો અનુભવ કરવાનો ઉદ્યમ કરે તેને ક્રોધાદિ દોષ ટળ્યા વગર રહે નહીં. ક્રોધાદિથી ભિન્ન ઉપયોગ સ્વરૂપ આત્માનું જ્યાંસુધી ભાન ન કરે ત્યાંસુધી જીવને ક્રોધાદિ ટળે નહીં, કેમકે ક્રોધને જ પોતાનું સ્વરૂપ માનીને તેમાં વર્તે છે. આ તો મોક્ષ–પ્રાભૃત છે; મોક્ષ કેમ થાય તેની આ વાત છે. ચિદાનંદ તત્ત્વ પોતે આનંદથી ભરપૂર છે, તેમાં પરવસ્તુની આશારૂપ લોભનો એક અંશ પણ નથી. લોભનો એક

અંશ પણ રહે ( મોક્ષ કરું એવી ઈચ્છા તે પણ લોભનો પ્રકાર છે– ) ત્યાં સુધી મુક્તિ ન થાય. જ્યાં સાક્ષાત્ આત્માના અનુભવનો આનંદ પ્રગટે ત્યાં કોઈ ઈચ્છા રહેતી નથી; આવો અનુભવ જ મોક્ષનું કારણ છે. માટે કહ્યું કે વિષય કષાયોથી વિરક્ત થઈને, અને ક્રોધ–માન–માયા–લોભને પરિહરિને જે પોતાના નિર્મળસ્વભાવને ધ્યાવે છે તે ઉત્તમ મોક્ષસુખને પામે છે. શુદ્ધ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કહો કે આત્માના નિર્મળ સ્વભાવનું ધ્યાન કહો, તે મોક્ષનું કારણ છે.

## * શ્રાવણ વદ બીજે ગુરુદેવ ખવડાવે છે-

## આત્માના અનુભવનો હલવો.

શ્રાવણ વદ બીજના આનંદકારી પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે આત્મા અખંડ ચૈતન્યજ્યોતિ આનંદથી પરિપૂર્ણ છે; આવો આત્મા હું છું એમ પહેલાં જ્ઞાનના બળથી નિર્ણય કરવો, અને પછી સ્વસન્મુખ થવાના તીવ્ર પ્રયત્નથી તે સ્વભાવના ઘોલનમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કરતાં જ ચંચળ–વિકલ્પના કલ્લોલો દૂર થાય છે ને સ્વસંવેદન–પ્રત્યક્ષમાં નિર્વિકલ્પ આનંદના અનુભવરૂપી હલવાનો સ્વાદ આવે છે. લ્યો, આ સ્વાનુભવરૂપી શીરો. આનંદના પ્રસંગે લોકો શીરો જમે છે તેમ અહીં આનંદના પ્રસંગે વીતરાગી સંતો સ્વાનુભવરૂપી આનંદનો શીરો જમાડે છે, સ્વાનુભવ કેમ કરવો તે રીત ( ૭૩ મી ગાથામાં ) બતાવી છે.

હું પોતે જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ સ્વસંવેદનપ્રત્યક્ષ છું–એવા અનુભવનો સ્વાદ કોઈ અપૂર્વ, ઇન્દ્રિયાતીત છે. પરભાવોથી પાર આવા અનુભવનો સ્વાદ લેતાંલેતાં ધર્મી જીવો પૂર્ણ આનંદને સાધે છે.–એમનું જીવન ધન્ય–ધન્ય છે.

# ૬. मोक्ष प्राभृत

卐

{ભગવાનશ્રી કુંદકુંદસ્વામીરચિત અષ્ટપ્રાભૃતની મૂળગાથાના આ અર્થ છે. અગાઉ દર્શનપ્રાભૃત–સૂત્રપ્રાભૃત–ચારિત્રપ્રાભૃત –બોધપ્રાભૃત એ ચાર પ્રાભૃતનાં અર્થ અંક ૩૨૧માં, તથા પાંચમા ભાવપ્રાભૃતનાં અર્થ અંક ૩૨૨ માં આવી ગયેલ છે; ભાવપ્રાભૃતના વૈરાગ્યપ્રેરક ભાવો વાંચીને અનેક જિજ્ઞાસુઓએ પ્રસન્નતા વ્યક્ત કરી છે. છઠ્ઠું મોક્ષપ્રાભૃત જેની ૧૦૬ ગાથા છે તેના અર્થો અહીં આપવામાં આવ્યાં છે. અંતિમ બે પ્રાભૃત (લિંગપ્રાભૃત તથા શીલપ્રાભૃત) આવતા અંકે આપીને અષ્ટપાહુડ સમાપ્ત કરીશું. }

૧. કર્મોને ખેરવીને તથા પરદ્રવ્યને છોડીને, જેમણે જ્ઞાનમય આત્મા ઉપલબ્ધ કર્યો છે, તે દેવને નમસ્કાર હો, નમસ્કાર હો.

૨. એ રીતે, ઉત્કૃષ્ટ અનંત જ્ઞાન–દર્શનમય અને શુદ્ધ એવા તે દેવને નમસ્કાર કરીને, પરમ યોગીઓને માટે પરમપદરૂપ પરમાત્માનું કથન કરીશ.

૩. યોગમાં સ્થિત યોગી જેને જાણીને, તથા અનવરતપણે દેખીને–ધ્યાવીને અવ્યાબાધ અનંત–અનુપમ–નિર્વાણને પામે છે.

૪. –તે આત્મા ત્રણ પ્રકારનો છે–પરમ આત્મા, અંતર્આત્મા અને બહિરાત્મા. તેમાં અંતરાત્મારૂપ ઉપાયવડે પરમાત્માને ધ્યાવો અને બહિરાત્માને છોડો.

૫. ઈન્દ્રિયોમાં આત્મસંકલ્પ કરે તે બહિરાત્મા છે; આત્મામાં જ આત્મસંકલ્પ કરે તે અંતરાત્મા છે; અને કર્મ–કલંકથી સર્વથા મુક્ત તે પરમાત્મા છે, તેમને જ દેવ કહેવાય છે.

૬. મલરહિત, શરીરરહિત, ઈન્દ્રિયરહિત, કેવળ, વિશુદ્ધાત્મા, પરમેષ્ઠી, પરમજિન, શિવંકર અને શાશ્વત એવા સિદ્ધ પરમાત્મા છે.

૭. ત્રિવિધપણે બહિરાત્માને છોડીને, અંતરાત્મામાં આરૂઢ થઈને પરમાત્માને ધ્યાવવા યોગ્ય છે, એમ જિનવરદેવોએ ઉપદેશ્યું છે.

૮. જે મૂઢદ્રષ્ટિ એટલે કે બહિરાત્મા છે તેનું મન ઈન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થોના ગ્રહણમાં તત્પર છે, તે નિજસ્વરૂપથી

ચ્યુત છે અને નિજદેહને જ આત્મા માને છે.

૯. તે બહિરાત્મા, પોતાના દેહની જેમ બીજાના શરીરને દેખીને, તે અચેતન હોવા છતાં પ્રયત્નથી તેને પણ પરમભાવે (એટલે કે આત્મારૂપે) ગ્રહણ કરીને ધ્યાવે છે.

૧૦. એ રીતે આત્મસ્વરૂપના અજાણ એવા મનુષ્યો, સ્વના તેમજ પરના શરીરમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન કરે છે અને તેથી સ્ત્રી–પુત્રાદિ પ્રત્યે તેમને મોહની વૃદ્ધિ થાય છે.

૧૧. જે મિથ્યાજ્ઞાનમાં રત છે અને જેણે મિથ્યાભાવોને ભાવ્યા છે એવો તે મનુષ્ય (બહિરાત્મા જીવ) મોહના ઉદયથી ફરી ફરીને પણ શરીરને પોતાનું માને છે.

૧૨. જે દેહથી નિરપેક્ષ છે, નિર્દ્વન્દ છે, નિર્મમ છે, નિરારંભ છે અને આત્મસ્વભાવમાં અત્યંત રત છે, તે યોગી નિર્વાણને પામે છે.

૧૩. પરદ્રવ્યમાં રત જીવ વિવિધ કર્મોથી બંધાય છે અને વિરક્ત જીવ તેનાથી મુક્ત થાય છે;–આ પ્રમાણે સંક્ષેપથી બંધ અને મોક્ષના કારણનો જિનોપદેશ છે.

૧૪–૧૫. સ્વદ્રવ્યમાં રત શ્રમણ નિયમથી સમ્યગ્દ્રષ્ટિ છે, તે પ્રશંસનીય છે, અને સમ્યક્ત્વ–પરિણત તે જીવ દુષ્ટ–અષ્ટ કર્મોનો ક્ષય કરે છે.

–પણ જે શ્રમણ પરદ્રવ્યમાં રત છે તે મિથ્યાદ્રષ્ટિ છે, અને મિથ્યાત્વરૂપ પરિણમતો થકો તે અષ્ટદુષ્ટકર્મોથી બંધાય છે.

૧૬. પરદ્રવ્યમાં રતિથી દુર્ગતિ થાય છે અને સ્વદ્રવ્યમાં રતિથી સુગતિ થાય છે;– આમ જાણીને હે જીવ! તું સ્વદ્રવ્યમાં રતિ કર, અને અન્યદ્રવ્યોથી વિરત થા.

૧૭–૧૮. આત્મસ્વભાવથી અન્ય જે કોઈ સચિત્ત, અચિત્ત કે મિશ્રિત વસ્તુ છે તે પરદ્રવ્ય છે,–એવું સત્યસ્વરૂપ સર્વદર્શી ભગવંતોએ કહ્યું છે.

જે અષ્ટ–દુષ્ટકર્મોથી રહિત, અનુપમ, જ્ઞાનશરીરી, નિત્ય અને શુદ્ધ એવો આત્મા તે સ્વદ્રવ્ય છે,–એમ જિનભગવંતોએ કહ્યું છે.

૧૯. જેઓ સ્વદ્રવ્યને ધ્યાવે છે અને પરદ્રવ્યથી પરાડ–મુખ છે તે ઉત્તમ ચરિત્રવંત જીવો, જિનવરોના માર્ગમાં અનુલગ્ન છે અને નિર્વાણને પામે છે.

૨૦–૨૧–૨૨. યોગીઓ જિનવરમત–અનુસાર શુદ્ધઆત્માને ધ્યાનમાં ધ્યાવે છે અને તેના વડે નિર્વાણને પામે છે; જેના વડે નિર્વાણને પામે તેના વડે સુરલોક કેમ ન પમાય?

જે જીવ ઘણા ભાર સહિત એક

દિવસમાં સો યોજન જાય, તે શું પૃથ્વીતળ પર માત્ર અર્ધો ગાઉ જવા સમર્થ નથી ?

જે સુભટ યુદ્ધને વિષે યુદ્ધ કરનારા જે કરોડો યોદ્ધાઓ તે સર્વે વડે પણ ન જીતાય, તે સુભટ એક મનુષ્ય વડે કેમ જીતાય ?

૨૩. તપ વડે તો બધા સ્વર્ગ પામે છે, પણ જે ધ્યાનયોગ વડે સ્વર્ગ પામે છે તે પરલોકમાં એટલે કે અન્યભવમાં શાશ્વત સુખને પામે છે.

૨૪. જેમ અતિશય શોધનયોગથી સોનું શુદ્ધ થાય છે તેમ કાલાદિ લબ્ધિઅનુસાર અતિશય શોધનયોગથી આત્મા પરમાત્મા થાય છે.

૨૫. વ્રત–તપ વડે સ્વર્ગની પ્રાપ્તિ થવી તે ઉત્તમ છે, પરંતુ અવ્રતાદિ વડે નરકના દુઃખોની પ્રાપ્તિ થવી–તે ઠીક નથી; –છાયા અને તડકામાં ઊભેલા વટેમાર્ગુની માફક તેમનામાં મોટો ભેદ જાણો.

૨૬. ભયંકર સંસારમહાર્ણવમાંથી જે બહાર નીકળવા ઈચ્છે છે. તે કર્મઈંધનને દહન કરવા માટે શુદ્ધ આત્માને ધ્યાવે છે.

૨૭. સર્વે કષાયોને તેમજ મોટાઈ–મદ–રાગ–દ્વેષ–વ્યામોહને છોડીને, અને લોકવ્યવહારથી વિરક્ત થઈને, ધ્યાનસ્થ યોગીઓ આત્માને ધ્યાવે છે.

૨૮. મિથ્યાત્વ–અજ્ઞાન–પાપ અને પુણ્ય તેમને ત્રિવિધે છોડીને, મૌન–વ્રત સહિત યોગમાં સ્થિત યોગીઓ આત્માને ધ્યાવે છે.

૨૯. જે રૂપ મને દેખાય છે તે તો કાંઈ જાણતું નથી, અને જે જાણનારો છે તે તો દેખાતો નથી, તો પછી હું કોની સાથે બોલું ?

૩૦. યોગમાં સ્થિત યોગી જિનદેવે કહેલા વસ્તુસ્વરૂપને જાણે છે અને સર્વઆસ્રવના નિરોધપૂર્વક પૂર્વસંચિત કર્મોને ખપાવે છે.

૩૧. જે યોગી વ્યવહારમાં સુતેલા છે તે સ્વકાર્યમાં જાગતા છે; અને જે વ્યવહારમાં જાગતા છે તે આત્મકાર્ય માટે ઊંઘતા છે.

૩૨. –આ જાણીને યોગી સર્વ વ્યવહારને સર્વથા છોડે છે અને જિનવરદેવે કહેલા પરમાત્મસ્વરૂપને ધ્યાવે છે.

૩૩. હે મુનિ ! પાંચમહાવ્રત પાંચસમિતિ ને ત્રણગુપ્તિયુક્ત, તેમજ રત્નત્રયસંયુક્ત થઈને સદા ધ્યાન–અધ્યયન કરો.

૩૪. રત્નત્રયની આરાધના કરનાર જીવને આરાધક જાણવો, અને તેની આરાધનાના વિધાનનું ફળ કેવળજ્ઞાન છે.

૩૫. સિદ્ધ શુદ્ધ સર્વજ્ઞ સર્વલોકદર્શી અને

કેવળજ્ઞાનરૂપ એવો આત્મા જિનવરદેવે કહ્યો છે, તેને હે ભવ્ય! તું જાણ.

૩૬. જે યોગી જિનવરમત–અનુસાર રત્નત્રયને આરાધે છે તે પોતાના આત્માને ધ્યાવે છે અને પરદ્રવ્યને પરિહરે છે–એમાં સંદેહ નથી.

૩૭. જે જાણે છે તે જ્ઞાન છે; જે દેખે છે તે દર્શન જાણવું; અને પુણ્ય–પાપનો પરિહાર તે ચારિત્ર કહેવામાં આવ્યું છે.

૩૮. તત્ત્વરુચિ તે સમ્યક્ત્વ છે, તત્ત્વનું ગ્રહણ તે સમ્યગ્જ્ઞાન છે, અને પુણ્ય–પાપનો પરિહાર તે ચારિત્ર છે–એમ જિનવરેન્દ્રે કહ્યું છે.

૩૯. દર્શનથી જે શુદ્ધ છે તે શુદ્ધ છે; દર્શનશુદ્ધિવાળો જીવ નિર્વાણને પ્રાપ્ત કરે છે. દર્શનવિહીન પુરુષ તે ઇષ્ટ લાભને પામતો નથી.

૪૦. જન્મ–મરણનું હરણ કરનાર અને સારભૂત એવા આ ઉપદેશને જે યથાર્થપણે માને છે તે શ્રમણોને તેમ જ શ્રાવકોને પણ સમ્યક્ત્વ કહ્યું છે.

૪૧. યોગીઓ જિનવરમતઅનુસાર જીવાજીવવિભક્તિને (એટલે કે જીવ–અજીવની ભિન્નતાને) જાણે છે. તેને સર્વદર્શી ભગવંતો યથાર્થ સમ્યગ્જ્ઞાન કહે છે.

૪૨. જેને (–જીવાજીવવિભક્તિને) જાણીને યોગીઓ પુણ્ય–પાપનો પરિહાર કરે છે તે ચારિત્ર છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે, તે ચારિત્ર વિકલ્પ વગરનું છે અને કર્મરહિત એવા મોક્ષનું કારણ છે.

૪૩. જે રત્નત્રયયુક્ત સંયમી–મુનિ–સ્વશક્તિ પ્રમાણે તપ કરે છે તે આત્માને શુદ્ધપણે ધ્યાવતા થકા પરમપદને પ્રાપ્ત કરે છે.

૪૪. તે ત્રણને (રત્નત્રયને) ત્રિવિધે ધારણ કરીને, ત્રણથી રહિત અને ત્રણથી પરિમંડિત એવા યોગી, દ્વિવિધ દોષરહિત પરમ આત્માને ધ્યાવે છે.

૪૫. જે જીવ મદ–માયા–ક્રોધથી રહિત છે, તેમ જ લોભથી પણ રહિત છે અને નિર્મલ–સ્વભાવથી યુક્ત છે તે ઉત્તમ સુખને પામે છે.

૪૬. જેનું મન વિષય–કષાયોથી યુક્ત છે, રૂદ્રપરિણામી છે, અને પરમાત્મભાવનાથી રહિત છે, એવો જિનમુદ્રાથી વિમુખ જીવ સિદ્ધિસુખને પામતો નથી.

૪૭. જિનવરઉપદિષ્ટ જિનમુદ્રાવડે નિયમથી સિદ્ધિસુખ થાય છે. એવી જિનમુદ્રા સ્વપ્નમાં પણ જેને નથી રુચતી તે જીવો ભવસમુદ્રમાં જ ડુબે છે.

૪૮. જિનવરેન્દ્રે ઉપદેશેલા પરમ–આત્માને ધ્યાવતા થકા યોગી લોભાદિ મલિન ભાવોથી મુક્ત થાય છે અને તેમને નવાં કર્મોનો આસ્રવ થતો નથી.

૪૯. જેની મતિ દ્રઢસમ્યક્ત્વ વડે ભાવિત છે–નિર્મળ છે એવા યોગી દ્રઢચારિત્ર–

વંત થઈને, આત્માને ધ્યાવતા થકા પરમપદને પ્રાપ્ત કરે છે.

૫૦. ચારિત્ર છે તે સ્વ–ધર્મ છે; ધર્મ છે તે આત્માનો સમભાવ છે; અને તે ( સમભાવરૂપ ધર્મ ) રાગ–દ્વેષરહિત જીવનાં અનન્ય પરિણામ છે.

૫૧. જેમ સ્ફટિકમણિ વિશુદ્ધ છે તોપણ પરદ્રવ્યથી યુક્ત થતાં અન્યરૂપ થાય છે, તેમ જીવ પણ વિશુદ્ધ સ્વભાવવાળો હોવા છતાં રાગાદિથી યુક્ત થતાં અન્ય–અન્યરૂપ થાય છે.

૫૨. જે દેવ–ગુરુ પ્રત્યે ભક્તિવંત છે, સાધર્મિક–સંયતો પ્રત્યે અનુરક્ત છે અને સમ્યક્ત્વનું ઉદ્વહન કરનાર છે તે યોગી ધ્યાનમાં રત થાય છે.

૫૩. અજ્ઞાની ઉગ્ર તપવડે ઘણાં ભવોમાં જેટલાં કર્મોને ખપાવે છે, તેટલાં કર્મોને ત્રણ ગુપ્તિવંતજ્ઞાની અંતર્મુહૂર્તમાં જ ખપાવે છે.

૫૪. પરદ્રવ્યમાં રાગ વડે શુભયોગમાં જે પ્રીતિ કરે છે તે અજ્ઞાની છે, અને જ્ઞાની એનાથી વિપરીત છે.

૫૫. પરદ્રવ્યની જેમ, મોક્ષને માટે કરવામાં આવતો રાગભાવ પણ આસ્રવનો હેતુ છે; જે ભાવ આસ્રવહેતુ છે તે ભાવને તે મોક્ષનું કારણ માને છે, તેથી તે અજ્ઞાની છે, અને આત્મસ્વભાવથી વિપરીત છે.

૫૬. જેની મતિ કર્મ આશ્રિત છે, તે સ્વભાવજ્ઞાનને ખંડિત અને દુષિત કરનાર છે, તેથી તે અજ્ઞાની છે અને જિનશાસનને દુષણ લગાડનાર છે–એમ કહેવામાં આવ્યું છે.

૫૭. જેનું જ્ઞાન ચારિત્રહીન છે, તથા તપસંયુક્ત હોવા છતાં જે દર્શનહીન છે, અને બીજા કાર્યોમાં પણ જે ભાવરહિત છે–એવા જીવને લિંગગ્રહણ વડે શું સુખ છે?

૫૮. જે અચેતનને પણ ચેતન માને છે તે અજ્ઞાની છે, અને જે ચેતનમાં જ ચેતનપણું માને છે તેને જ્ઞાની કહેલ છે.

૫૯. તપ વગરનું જે જ્ઞાન છે તે ( મોક્ષને માટે ) અકૃતાર્થ છે, તેમ જ જ્ઞાન વગરનું જે તપ છે તે પણ અકૃતાર્થ છે; માટે જ્ઞાન–તપથી સંયુક્ત જીવ નિર્વાણને પામે છે.

૬૦. જેમને ચોક્કસપણે સિદ્ધિ થવાની છે અને જેઓ ચાર જ્ઞાનસહિત છે એવા તીર્થંકર પણ તપશ્ચરણ કરે છે.–ધ્રુવપણે આમ જાણીને હે ભવ્ય! તમે જ્ઞાન સહિત હોવા છતાં તપશ્ચરણ કરો.

૬૧. પરિકર્મયુક્ત જે સાધુ બાહ્ય–મુનિલિંગ સહિત છે પણ અંતરંગ લિંગથી રહિત છે ત સ્વકીય–ચારિત્રથી ભ્રષ્ટ છે અને મોક્ષપથનો વિનાશક છે.

૬૨. સુખે–સુખે ભાવેલું જ્ઞાન દુઃખપ્રસંગે

વિનાશ પામી જાય છે, માટે હે યોગી ! તમે યથાશક્તિ કષ્ટપૂર્વક આત્માને ભાવો.

૬૩. આહાર આસન અને ન્દ્રિાને જીતીને, જિનવરમતઅનુસાર ગુરુપ્રસાદથી નિજાત્માનું સ્વરૂપ જાણીને તેનું ધ્યાન કરવું.

૬૪. આત્મા ચારિત્રવંત છે, અને આત્મા દર્શન–જ્ઞાનથી સંયુક્ત છે;–તે ગુરુપ્રસાદથી જાણીને નિત્ય ધ્યાતવ્ય છે.

૬૫. પ્રથમ તો, દુષ્કરપણે આત્માનું જ્ઞાન થાય છે; આત્માને જાણીને પછી તેની ભાવના કરવી તે દુષ્કર છે, અને સ્વભાવની ભાવના ભાવી હોવા છતાં જીવને વિષયોથી વિરક્ત થવું તે દુષ્કર છે.

૬૬. જીવ જ્યાં સુધી વિષયોમાં પ્રવર્તે છે ત્યાં સુધી તે આત્માને જાણી શક્તો નથી; જેમનું ચિત્ત વિષયોથી વિરક્ત છે એવા યોગી આત્માને જાણે છે.

૬૭–૬૮. આત્માને જાણીને પણ, વિષયોમાં વિમોહિત એવા કોઈ મૂઢ જીવો સ્વભાવભાવથી અત્યંત ભ્રષ્ટ થઈને ચારગતિરૂપ સંસારમાં રખડે છે.

–અને જેઓ વિષયોથી વિરક્ત થઈ, આત્માને જાણીને તેની ભાવનાસહિત છે એવા તપોગુણયુક્ત મુનિવરો ચારગતિરૂપ સંસારને છોડે છે,–એમાં સંદેહ નથી.

૬૯. જેને મોહથી પરદ્રવ્યમાં પરમાણુમાત્ર પણ રતિ થાય છે તે મૂઢ છે, અજ્ઞાની છે અને આત્મસ્વભાવથી વિપરીત છે.

૭૦. જેઓ દર્શનશુદ્ધી સહિત છે, દ્રઢચારિત્રવંત છે, આત્માને ધ્યાવે છે, અને વિષયોથી વિરક્તચિત્ત છે, એવા જીવોને ધ્રુવપણે નિર્વાણ થાય છે.

૭૧. કેમકે, પરદ્રવ્યમાં રાગ તે સંસારનું જ કારણ છે, માટે યોગીજનો સદાય આત્મામાં જ ભાવના કરો.

૭૨. નિંદામાં કે પ્રશંસામાં, દુઃખમાં કે સુખમાં, શત્રુમાં કે બંધુમાં,–સર્વત્ર સમભાવ વડે ચારિત્ર હોય છે.

૭૩. જેઓ મુનિચર્યારૂપ વૃત્તિથી તથા વ્રત સમિતિથી રહિત છે, અને શુદ્ધભાવથી તદ્દન ભ્રષ્ટ છે, એવા કોઈ મનુષ્યો કહે છે કે અત્યારે ધ્યાનયોગનો આ કાળ નથી.

૭૪. સમ્યક્ત્વ–જ્ઞાનથી રહિત તથા મોક્ષથી પરાંગ્મુખઅને સંસારસુખમાં અત્યંત આસક્ત એવો અભવ્ય કહે છે કે અત્યારે ધ્યાનનો આ કાળ નથી.

૭૫. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ–તેના વિષે જે મૂઢ છે–અજ્ઞાની છે તે કહે છે કે અત્યારે ધ્યાનનો આ કાળ નથી.

૭૬. ભરતક્ષેત્રમાં આ દુઃષમકાળમાં પણ આત્મસ્વભાવમાં સ્થિત સાધુને ધર્મ–

ધ્યાન હોય છે. તેને જે નથી માનતો તે પણ અજ્ઞાની છે.

૭૭. અત્યારે પણ ત્રિરત્ન વડે શુદ્ધ એવા સાધુઓ આત્માને ધ્યાવીને ઇન્દ્રપણું તથા લોકાંતિકદેવપણું પામે છે, અને પછી ત્યાંથી ચ્યવીને નિર્વાણ પામે છે.

૭૮. પાપથી મોહિત મતિવાળા જેઓ મુનિલિંગને ધારણ કરીને પણ પાપ કરે છે તે પાપી જીવો મોક્ષમાર્ગથી ચ્યુત છે.

૭૯. જેઓ પંચવિધ વસ્ત્રમાં આસક્ત છે, પરિગ્રહરૂપ ગ્રંથને ગ્રહણ કરનારા છે, યાચનાશીલ છે અને અધઃકર્મમાં રત છે તેઓ મોક્ષમાર્ગમાંથી ચ્યુત છે.

૮૦. જેઓ નિર્ગ્રંથ છે, મોહરહિત છે, બાવીસ પરીષહને સહનારા છે, કષાયને જીતનારા છે અને પાપારંભથી મુક્ત છે-તેઓને મોક્ષમાર્ગમાં સ્વીકારવામાં આવ્યા છે. ( અર્થાત્ તેઓએ મોક્ષમાર્ગને ગ્રહણ કર્યો છે. )

૮૧. જેઓ દેવ–ગુરુના ભક્ત છે, નિર્વેદની પરંપરાનું વિશેષ ચિંતન કરનારા છે, ધ્યાનમાં રત છે અને ઉત્તમ ચારિત્રવંત છે–તેઓને મોક્ષમાર્ગમાં સ્વીકારવામાં આવ્યા છે.

૮૨. ઊર્ધ્વ–મધ્ય–અધોલોકમાં કંઈ પણ મારું નથી, હું એકાકી છું–આવી ભાવના વડે યોગીઓ શાશ્વત સુખસ્થાનને પ્રાપ્ત કરે છે.

૮૩. એ રીતે નિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ જાણીને, જે આત્મા આત્માને માટે આત્મામાં જ અતિશય રત છે તે પ્રગટપણે સમ્યક્ ચારિત્ર છે; અને એવા ચારિત્રવંત યોગી નિર્વાણને પામે છે.

૮૪. પુરુષાકાર, યોગી અને ઉત્તમ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ–એવા આત્માને જે ધ્યાવે છે તે યોગી પાપને હરનારા છે અને નિર્દ્વંદ્વ થાય છે.

૮૫. આ પ્રમાણે જિનવરકથિત શ્રમણધર્મનો ઉપદેશ કહ્યો; હવે શ્રાવકધર્મનો ઉપદેશ સાંભળો,–કે જે સંસારનો વિનાશ કરનાર છે અને સિદ્ધપદની પ્રાપ્તિનું પરમ કારણ છે.

૮૬. હે શ્રાવક! અત્યંત નિર્મળ અને મેરુગિરિ જેવા નિષ્કંપ સમ્યક્ત્વને ગ્રહણ કરીને, દુઃખના ક્ષયને અર્થે તેને ધ્યાનમાં ધ્યાવો.

૮૭. સમ્યક્ત્વને જે ધ્યાવે છે તે જીવ સમ્યકદ્રષ્ટિ છે, અને સમ્યક્ત્વપરિણત તે જીવ અષ્ટ– દુષ્ટકર્મોનો ક્ષય કરે છે.

૮૮. બહુ કહેવાથી શું?–જે ઉત્તમ પુરુષો ગતકાળમાં સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં જે કોઈ ભવ્યો સિદ્ધિને પામશે, તે સમ્યક્ત્વનું જ માહાત્મ્ય છે–એમ જાણો.

૮૯. જે મનુષ્યે સિદ્ધિકર એવા સમ્યક્ત્વને

સ્વપ્નમાં પણ મલિન કર્યું નથી તે ધન્ય છે, તે સુકૃતાર્થ છે, તે શૂર છે, અને તે જ પંડિત છે.

૯૦. હિંસારહિત ધર્મ, અઢાર દોષરહિત દેવ, નિર્ગ્રંથ સાધુ તથા નિર્ગ્રંથ પ્રવચન–તેમનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે.

૯૧. યથાજાતરૂપ જેનું રૂપ છે, જે સમ્યક્ સંયમ સહિત છે, સર્વસંગનો જેમાં પરિત્યાગ છે અને પરની અપેક્ષા જેને નથી–એવા મુનિલિંગને જે માને છે તેને સમ્યક્ત્વ છે.

૯૨. લજ્જાથી, ભયથી કે મોટાઈથી જે કુત્સિત દેવને, કુત્સિત ધર્મને કે કુત્સિત લિંગને વંદન કરે છે તે પ્રગટપણે મિથ્યાદ્રષ્ટિ છે.

૯૩. પરની અપેક્ષા સહિત લિંગને, રાગીદેવને કે અસંયતને જે વંદે છે,–માને છે તે પ્રગટ મિથ્યાદ્રષ્ટિ છે; શુદ્ધ સમ્યક્દ્રષ્ટિ તેને કદી વંદતા કે માનતા નથી.

૯૪. સમ્યગ્દ્રષ્ટિ–શ્રાવક જિનવરદેવે ઉપદેશેલા ધર્મને કરે છે; જે તેનાથી વિપરીત કરે છે તેને મિથ્યાદ્રષ્ટિ જાણવો.

૯૫. જે જીવ મિથ્યાદ્રષ્ટિ છે તે હજારો દુઃખોથી વ્યાકુળ વર્તતો થકો, જન્મ–જરા–મરણથી ભરપૂર એવા સંસારમાં સુખરહિત સંસરણ કરે છે.

૯૬. હે જીવ! એ પ્રમાણે સમ્યક્ત્વનાં ગુણ અને મિથ્યાત્વનાં દોષ તેને સર્વપ્રકારે મનમાં ચિંતવ, અને જે તારા મનમાં રુચે તે તું કર.–અધિક પ્રલાપનું શું કામ છે?

૯૭. જે નિર્ગ્રંથ બાહ્યસંગથી તો વિમુક્ત છે પણ મિથ્યાભાવથી મુક્ત નથી, તેમ જ આત્માના સમભાવને જાણતો નથી, તે સાધુને સ્થાન અને મૌન શું કરે?

૯૮. જે સાધુ મૂળગુણોને છેદીને બાહ્યકર્મ કરે છે તે સિદ્ધિસુખને પામતો નથી, તે તો નિયમથી જિનલિંગનો વિરાધક છે.

૯૯. આત્મસ્વભાવથી જે વિપરીત છે તેને બાહ્યકર્મકાંડ શું કરશે? અનેકવિધ ક્ષમણ (ઉપવાસાદિ) પણ તેને શું કરશે? અને આતાપન વગેરે તપશ્ચર્યા પણ તેને શું કરશે? (અર્થાત્ તેનું બધું નિષ્ફળ છે.)

૧૦૦. ભલે ઘણાં શ્રુતનું પઠન કરે, અને બહુવિધ ચારિત્રને આચરે, પણ આત્માથી જે વિપરીત છે તેને તે બધુંય બાલ–શ્રુત અને બાલ–ચરણ છે.

૧૦૧–૧૦૨. જે સાધુ વૈરાગ્યપરાયણ છે અને પરદ્રવ્યથી પરાંગ્મુખ છે, તે સંસારસુખથી વિરક્ત છે અને સ્વકીય શુદ્ધસુખમાં અનુરક્ત છે.

વળી, ગુણગણથી વિભૂષિત જેનું અંગ છે, હેય–ઉપાદેયનો જેણે નિશ્ચય

કર્યો છે, અને ધ્યાન–અધ્યયનમાં જે લીન છે તે સાધુ ઉત્તમ સ્થાનને પામે છે.

૧૦૩. હે ભવ્ય જીવો! નમસ્કાર કરવા યોગ્ય પુરુષો વડે પણ જે નિરંતર જે નમાય છે, ધ્યાવવા યોગ્ય પુરુષો વડે પણ જે નિરંતર ધ્યાવાય છે, અને સ્તુતિ કરવા યોગ્ય પુરુષો વડે નિરંતર જેની સ્તુતિ કરાય છે,–એવું જે કોઈ પરમ તત્ત્વ દેહમાં સ્થિત છે તેને તમે જાણો.

૧૦૪. અર્હંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ એ પાંચે પરમેષ્ઠી આત્મામાં જ સ્થિત છે, તેથી આત્મા જ ખરેખર મારું શરણ છે.

૧૦૫. સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ–એ ચારેય આરાધના આત્મામાં જ સ્થિત છે, તેથી આત્મા જ ખરેખર મારું શરણ છે.

૧૦૬. આ રીતે જિનપ્રણીત મોક્ષ અને તેનું કારણ આ મોક્ષપ્રાભૃતમાં કહ્યું, તેને સુભક્તિપૂર્વક, જે ભવ્ય જીવ પઢશે–સાંભળશે–ભાવશે તે શાશ્વત સુખને પામશે.

( છઠ્ઠું મોક્ષપ્રાભૃત પૂર્ણ )

* * *

**જિન પ્રણીત છે આ મોક્ષનું પ્રાભૃત, અહો! સુભક્તિથી-**
**જે પઢે-સુણશે-ભાવશે તે સુખ શાશ્વત પામશે.**

*

## -: ભદ્ર :-

તારું પરમેશ્વરપણું તારામાં છે એમ સંતો બતાવે છે–તેનો વિશ્વાસથી સ્વીકાર કર. એકવાર શ્રીમદ્ રાજચંદ્રજીએ કોઈ ભરવાડ લોકોમાં અનુકરણની જિજ્ઞાસાબુદ્ધિ દેખીને તેઓને કહ્યું કે ‘ભાઈઓ! આંખો મીંચી જાઓ, ને અંદર હું પરમેશ્વર છું–એમ વિચાર કરો.’ તે ભરવાડ ભદ્ર હતા, તેમણે એ વાતમાં શંકા કે પ્રતિકાર ન કર્યો, પણ વિશ્વાસથી એમ વિચાર્યું કે આ કોઈ મહાત્મા છે ને અમને અમારા હિતની કંઈક અપૂર્વ વાત કહે છે, જગતના જીવો કરતાં આમની ચેષ્ટા કંઈક જુદી લાગે છે. તેમ હે ભદ્ર! અહીં કુંદકુંદસ્વામી જેવા પરમહિતકારી સન્તો તને તારું સિદ્ધપણું બતાવે છે, તો તું ઉલ્લાસથી તેની હા પાડ, ને હું સિદ્ધ છું–એમ તારા આત્માને ચિંતનમાં લે.

# ભગવાન પારસનાથ

## [ ૨ ]

## હાથીના ભવમાં

## સમ્યક્ત્વની પ્રાપ્તિ

* * * * *

## [ મરૂભૂતિ-હાથી અને કમઠ-સર્પ ]

( આપણા ત્રેવીસમાં તીર્થંકર પારસનાથ ભગવાનની આ કથા ચાલે છે. મરૂભૂતિ અને કમઠ એ બંને ભાઈ હતા, કમઠે ક્રોધથી મરૂભૂતિને મારી નાંખ્યો; મરૂભૂતિ મરીને હાથી થયો છે; ને કમઠનો જીવ સર્પ થયો છે. તેના રાજા અરવિંદ વૈરાગ્યથી મુનિ થયા છે...મુનિરાજ અનેક તીર્થોની યાત્રા કરતા કરતા દેશોદેશ વિચરે છે ને ભવ્ય જીવોને પ્રતિબોધે છે.–તે વાત ગતાંકમાં આપે વાંચી. હવે હાથીનો જીવ સમ્યક્ત્વ પામે છે તેનું આનંદકારી વર્ણન આ અંકમાં વાંચો )

સમ્મેદશિખર.....એ આપણા જૈનધર્મનું મહાન તીર્થ છે, અનંતા જીવો ત્યાંથી સિદ્ધપદ પામ્યા છે; તેની યાત્રા કરતાં સિદ્ધપદનું સ્મરણ થાય છે. અનેક મુનિઓ ત્યાં આત્માનું ધ્યાન કરે છે.

આવા સમ્મેદશિખર મહાન તીર્થની યાત્રા કરવા માટે એક મોટો સંઘ ચાલ્યો જાય છે. એ યાત્રાસંઘમાં હજારો શ્રાવકો છે, કેટલાય નાનાં બાળકો પણ હોંશે હોંશે જાત્રા કરવા જઈ રહ્યા છે, કેટલાક દિગંબર મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરી રહ્યા છે. રત્નત્રયધારી તે મુનિરાજ કોઈક વાર ધર્મકથા કરે છે તો કોઈવાર આત્માનું સ્વરૂપ સમજાવે છે. તે સાંભળીને સૌને ઘણો આનંદ થાય છે; કોઈકવાર ભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવાનો લાભ મળતાં શ્રાવકોને ઘણો હર્ષ થાય છે; અરસપરસ સૌ સાધર્મીઓ ધર્મચર્ચા કરે છે, પંચપરમેષ્ઠીનાં ગુણ ગાય છે;–આમ બહુજ આનંદપૂર્વક મોટો સંઘ સમ્મેદશિખરની યાત્રા કરવા માટે જઈ રહ્યો છે.

જે અરવિંદ–રાજા દીક્ષા લઈને મુનિ થયા છે તે અરવિંદમુનિરાજ પણ આ

સંઘની સાથે જ છે. ચાલતાં–ચાલતાં સંઘે એક વનમાં પડાવ નાખ્યો. શાંત વન હજારો મનુષ્યોના કોલાહલથી ગાજી ઊઠયું...જંગલમાં જાણે નગરી વસી ગઈ. અરવિંદ મુનિરાજ એક ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા છે. એવામાં અચાનક એક ઘટના બની......શું બન્યું ? તે સાંભળો.

એક મોટો હાથી ગાંડો થઈને ચારેકોર દોડાદોડ કરવા લાગ્યો, ને લોકો નાસભાગ કરવા લાગ્યા. કોણ છે એ હાથી? થોડાક ભવ પછી તો એ હાથી પારસનાથભગવાન થવાનો છે. જે પૂર્વભવમાં મરૂભૂતિ હતો ને મરીને હાથી થયો છે, તે જ હાથી આ છે. એનું નામ વજ્રઘોષ છે; તે હાથી આ વનનો રાજા છે, ને ભાન વગર જંગલમાં ભટકી રહ્યો છે. પૂર્વભવની તેની ભાભી ( કમઠની સ્ત્રી ) પણ મરીને આ જંગલમાં હાથણી થઈ છે. સુંદર વનમાં એક મોટું સરોવર છે; તેમાં હાથી રોજ નહાય છે, વનમાં મીઠાં ફળફૂલ ખાય છે, ને હાથણીઓ સાથે રમે છે. નિર્જર વનમાં માણસો ક્યારેક જ દેખાય છે.

જે વનમાં આ હાથી રહેતો હતો તે જ વનમાં યાત્રાસંઘે પડાવ નાખ્યો એટલે ત્યાં મોટો કોલાહલ થવા લાગ્યો. નિર્જન વનમાં આટલા બધા માણસો ને વાહનો હાથીએ કદી જોયા ન હતા; તેથી માણસોને દેખીને હાથી રઘવાયો બન્યો ને ગાંડો થઈને ચારેકોર ઘૂમવા લાગ્યો, જે હડફેટમાં આવે તેને મારવા લાગ્યો. લોકો તો ચીસેચીસ પાડીને ચારેકોર ભાગવા લાગ્યા. હાથીએ કોઈને પગ નીચે છૂંદી નાંખ્યા તો કોઈને સૂંઢથી પકડીને ઊંચે ઊલાળ્યા; રથને ભાંગી નાંખ્યા ને ઝાડને ઊખેડી નાંખ્યા. ઘણા માણસો ભયભીત થઈને મુનિરાજના શરણમાં પહોંચી ગયા.

ગાંડો હાથી ચારે કોર ફરતો ફરતો, જ્યાં અરવિંદ મુનિરાજ બિરાજતા હતા તે તરફ કિકિયારી કરતો દોડયો. લોકોને બીક લાગી કે અરે, આ હાથી મુનિરાજને શું કરી નાંખશે ?

મુનિરાજ તો શાંત થઈને બેઠા છે એમને જોતાં જ સૂંઢ ઊંચી કરીને હાથી તેમના તરફ દોડયો......પણ......

–પણ અરવિંદ મુનિરાજની છાતીમાં એક ચિહ્ન જોતાં જ તે હાથી એકદમ શાંત થઈ ગયો.....તેને થયું કે અરે ! આમને તો મેં ક્યાંક જોયા છે...આ મારા કોઈ ઓળખીતા ને હિતસ્વી હોય એમ મને લાગે છે.–આવા વિચારમાં હાથી તો એકદમ

શાંત થઈને ઊભો રહ્યો; એનું ગાંડપણ મટી ગયું ને મુનિરાજ સામે સૂંઢ નમાવીને બેસી ગયો.

લોકો તો આશ્ચર્ય પામી ગયા કે અરે! મુનિરાજ પાસે આવતાં જ આ ગાંડો હાથી એકાએક શાંત કેમ થઈ ગયો? આ બનાવ દેખીને ચારેકોરથી માણસો ત્યાં મુનિરાજ પાસે દોડી આવ્યા. મુનિરાજે અવધિજ્ઞાન વડે હાથીના પૂર્વભવને જાણી લીધો; અને શાંત થયેલા હાથીને સંબોધીને કહ્યુંઃ અરે બુદ્ધિમાન! આ પાગલપણું તને નથી શોભતું. આ પશુતા, અને આ હિંસા તું છોડ! પૂર્વભવમાં તું મરૂભૂતિ હતો; ત્યારે હું અરવિંદરાજા હતો તે મુનિ થયો છું; અને તું મારો મંત્રી હતો, પણ આત્માનું ભાન ભૂલીને આર્તધ્યાનથી તું આ પશુપર્યાય પામ્યો...હવે તો તું ચેત...અને આત્માને ઓળખ.

મુનિરાજનાં મીઠાં વચન સાંભળીને હાથીને ઘણો વૈરાગ્ય થયો, તેને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના દુષ્કર્મ માટે તેને ઘણો પસ્તાવો થયો; તેની આંખોમાંથી આંસુની ધાર પડવા લાગી, વિનયથી મુનિરાજનાં ચરણોમાં માથું નમાવીને તેમની સામે જોઈ રહ્યો....કુદરતી તેનું જ્ઞાન એટલું ઊઘડી ગયું કે તે મનુષ્યની ભાષા સમજવા લાગ્યો...અને મુનિરાજની વાણી સાંભળવા તેને જિજ્ઞાસા જાગી.

મુનિરાજે જોયું કે આ હાથીના જીવના પરિણામ અત્યારે વિશુદ્ધ થયા છે, તેને આત્મા સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગી છે.....અને તે એક હોનહાર તીર્થંકર છે....એટલે અત્યંત પ્રેમથી (વાત્સલ્યથી) તે હાથીને ઉપદેશ દેવા લાગ્યાઃ અરે હાથી! તું શાંત થા. આ પશુપર્યાય એ કાંઈ તારું સ્વરૂપ નથી, તું તો દેહથી ભિન્ન ચૈતન્યમય આત્મા છો. આત્માના જ્ઞાન વગર ઘણા ભવમાં તે ઘણાં દુઃખ ભોગવ્યાં, હવે તો આત્માનું સ્વરૂપ જાણ અને સમ્યગ્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન જ જીવને મહાન સુખકર છે. રાગ અને જ્ઞાનને એકમેક અનુભવવાનો અવિવેક તું છોડ....છોડ! તું પ્રસન્ન થા....સાવધાન થા....અને સદાય ઉપયોગરૂપ સ્વદ્રવ્ય જ મારું છે એમ તું અનુભવ કર. તેથી તને ઘણો આનંદ થશે.

હાથી ખૂબ ભક્તિથી સાંભળે છે. મુનિરાજના શ્રીમુખથી આત્માના સ્વરૂપની અને સમ્યગ્દર્શનની વાત સાંભળતાં તેને ઘણો હર્ષોલ્લાસ થાય છે, તેનાં પરિણામ વધુ ને વધુ નિર્મળ થતાં જાય છે...તેના અંતરમાં સમ્યગ્દર્શનની તૈયારી ચાલી રહી છે.

મુનિરાજ તેને આત્માનું પરમ શુદ્ધસ્વરૂપ દેખાડે છે : રે જીવ! તારો આત્મા

અનંત ગુણરત્નોનો ખજાનો છે...આ હાથીનું જાડું શરીર તે તો પુદ્ગલ છે, તે કાંઈ તું નથી. તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારા જ્ઞાનસ્વરૂપમાં પાપ તો નથી ને પુણ્યનો શુભરાગ પણ નથી; તું તો વીતરાગી આનંદમય છો.–આવા તારા સ્વરૂપને તું અનુભવમાં લે....ને તેની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન ધારણ કર.

જગતમાં સમ્યગ્દર્શન જ જીવને સારરૂપ છે; તે જ મોક્ષનું પગથિયું છે, તે જ ધર્મનો પાયો છે. સમ્યગ્દર્શન વગર કોઈ પણ ધર્મક્રિયા હોતી નથી; સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ નકામી છે. મિથ્યાત્વના દાવાનળમાં આખો સંસાર સળગી રહ્યો છે, તેમાંથી આ સમ્યગ્દર્શન જ જીવને ઉગારનાર છે. વીતરાગ–સર્વજ્ઞ અરિહંત દેવ, રત્નત્રયધારક દિગંબર મુનિરાજ ગુરુ અને હિંસા વગરનો વીતરાગભાવરૂપ ધર્મ,–આવા દેવગુરુધર્મને ઓળખીને તું શ્રદ્ધા કર, અત્યંત ભક્તિથી તેનો આદર કર અને તેમણે આત્માનું શુદ્ધ સ્વરૂપ જેવું કહ્યું છે તેવું તું જાણ...તેની શ્રદ્ધા કર...આવા સમ્યગ્દર્શનથી તારું પરમ કલ્યાણ થશે.

–આમ ઘણા પ્રકારે મુનિરાજે સમ્યગ્દર્શનનો ઉપદેશ આપ્યો...તે સાંભળીને હાથીનાં પરિણામ અંતર્મુખ થયા...અને અંતરમાં પોતાના આત્માનું સાચું સ્વરૂપ દેખીને તેને સમ્યગ્દર્શન થયું...પરમ આનંદનો અનુભવ થયો...તેને એમ થયું કે– ‘અહા, અમૃતના દરિયા મારા આત્મામાં ડોલી રહ્યા છે...પરભાવોથી ભિન્ન સાચું સુખ મારા આત્મામાં અનુભવાય છે. ક્ષણમાત્ર આવા આનંદના અનુભવથી અનંત ભવનો થાક ઊતરી જાય છે.’ આવા આત્માનો વારંવાર અનુભવ કરવાનું તેને મન થયું...ઉપયોગ ફરી ફરીને અંતરમાં એકાગ્ર થવા લાગ્યો. આ અનુભવના અચિંત્ય અપાર મહિમાનો કોઈ પાર ન હતો. વારંવાર તેને એમ થતું કે ‘અહો ! આ મુનિરાજે અદ્ભુત ઉપકાર કરી આત્માનું મૂળ સ્વરૂપ મને સમજાવ્યું. આત્મ ઉપયોગ સહજપણે ઝડપથી પોતાના સ્વસ્વરૂપ તરફ વળતાં સહજ નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવાયું.. ચૈતન્યપ્રભુ પોતાના ‘એકત્વ’ માં આવીને નિજાનંદમાં ડોલવા લાગ્યા...વાહ ! આત્માનું સ્વરૂપ કોઈ અદ્ભુત છે. પરમ તત્ત્વને પામીને, મારા ચૈતન્યપ્રભુને મેં મારામાં જ દેખ્યા.

–આમ સમ્યગ્દર્શન થતાં હાથીના આનંદનો કોઈ પાર નથી. તેની આનંદમય ચેષ્ટાઓ, તથા તેની આત્મશાંતિ દેખીને મુનિરાજને પણ ખ્યાલ આવી ગયો કે આ હાથીનો જીવ આત્મજ્ઞાન પામ્યો છે, ભવનો છેદ કરીને તે મોક્ષના માર્ગમાં આવ્યો છે. મુનિરાજે પ્રસન્ન થઈને હાથ ઊંચો કરીને હાથીને આશીર્વાદ આપ્યા.

સંઘના હજારો લોકો આ દ્રશ્ય દેખીને બહુ ખુશી થયા. એક ક્ષણમાં આ બધું શું બની રહ્યું છે તે સૌ આશ્ચર્યથી જોવા લાગ્યા.

આત્માનું જ્ઞાન થતાં હાથી તો ઘણા જ ભક્તિભાવથી મુનિરાજનો ઉપકાર માનવા લાગ્યો.......અરે, પૂર્વે આત્માના ભાન વિના આર્તધ્યાન કરવાથી હું પશુદશાને પામ્યો, પણ હવે આ મુનિરાજના પ્રતાપે મને આત્મભાન થયું છે, ને તે આત્માના ધ્યાન વડે હવે હું પરમાત્મા થઈશ.–એમ વિચારીને તે હાથી સૂંઢ નમાવીને મુનિરાજને નમસ્કાર કરતો હતો..

(જુઓ તો ખરા, બંધુઓ! આપણો જૈનધર્મ કેવો મહાન છે કે તેના સેવન વડે એક પશુ પણ આત્મજ્ઞાન કરીને પરમાત્મા બની શકે છે! દરેક આત્મામાં પરમાત્મા થવાની તાકાત છે–એમ આપણો જૈનધર્મ બતાવે છે. વાહ...જૈનધર્મ...વાહ!)

મુનિરાજ પાસેથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને, હાથીની સાથે સાથે બીજા પણ ઘણાય જીવો સમ્યગ્દર્શન પામ્યા. જેમ તીર્થંકર એકલા મોક્ષમાં ન જાય, બીજા ઘણાય જીવો પણ તેમની સાથે મોક્ષ પામે, તેમ અહીં તીર્થંકરનો આત્મા સમ્યગ્દર્શન પામતાં, બીજા ઘણાય જીવો પણ તેમની સાથે સમ્યગ્દર્શન પામ્યા; અને ચારેકોર ધર્મનો જયજયકાર થઈ ગયો. થોડીવાર પહેલાં જે હાથી ગાંડો થઈને હિંસા કરતો હતો, તે જ હાથી હવે આત્મજ્ઞાની થઈને શાંત અહિંસક બની ગયો; અને મુનિરાજ પાસેથી ફરી ફરી ધર્મ સાંભળવા માટે આતુરતાથી તેમની સામે જોઈ રહ્યો. ઘણા શ્રાવકો પણ ઉપદેશ સાંભળવા બેઠા હતા.

શ્રી મુનિરાજે મુનિધર્મનો તથા શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યોઃ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન ઉપરાંત જ્યારે ચારિત્રદશા થાય એટલે કે આત્માનો ઘણો અનુભવ થાય ત્યારે જીવને મુક્તિદશા થાય છે. તે મુનિઓ ઉત્તમક્ષમા વગેરે દશ ધર્મોને પાળે છે, અને હિંસાદિક પાંચ પાપો તેમને જરાય હોતાં નથી એટલે અહિંસા વગેરે પાંચ મહાવ્રત તેમને હોય છે.

–અને સમ્યગ્દર્શન થવા છતાં જે જીવો મુનિ ન થઈ શકે તેઓ શ્રાવકધર્મ પાળે છે; તેને આત્માના જ્ઞાનસહિત અહિંસા વગેરે પાંચ અણુવ્રત હોય છે. તિર્યંચગતિમાં પણ શ્રાવકધર્મનું પાલન થઈ શકે છે. માટે હે ગજરાજ! તમે શ્રાવકધર્મને અંગીકાર કરો.

મુનિરાજ પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળીને ઘણા જીવોએ વ્રત ધારણ કર્યા. હાથીને પણ ભાવના જાગી કે જો હું મનુષ્ય હોત તો હું પણ ઉત્તમ મુનિધર્મને અંગીકાર કરત; આમ મુનિધર્મની ભાવના સહિત તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો, એટલે મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને તેણે પાંચ અણુવ્રત ધારણ કર્યા......તે શ્રાવક બન્યો.

સમ્યગ્દર્શન પામીને વ્રતધારી થયેલો તે વજ્રઘોષ હાથી વારંવાર મસ્તક નમાવીને અરવિંદ મુનિરાજને નમસ્કાર કરવા લાગ્યો, સૂંઢ ઊંચી–નીચી કરીને ઉપકાર માનવા લાગ્યો. હાથીની આવી ધર્મચેષ્ટા દેખીને શ્રાવકો બહુ રાજી થયા, અને જ્યારે મુનિરાજે પ્રસિદ્ધ કર્યું કે–આ હાથીનો જીવ આત્માની ઉન્નત્તિ કરતો કરતો ભરતક્ષેત્રમાં ૨૩ માં તીર્થંકર થશે,–ત્યારે તો સૌના હર્ષનો પાર ન રહ્યો; હાથીને ધર્માત્મા જાણીને ઘણા પ્રેમથી શ્રાવકો તેને નિર્દોષ આહાર દેવા લાગ્યા.

યાત્રાસંઘ થોડો વખત તે વનમાં રોકાઈને પછી સમ્મેદશિખર તરફ ચાલ્યો; હાથીનો જીવ થોડા ભવ પછી આ જ સમ્મેદશિખર ઉપરથી મોક્ષ પામવાનો છે. તેની યાત્રા કરવા સંઘ જાય છે. અરવિંદ મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરવા લાગ્યા. ત્યારે હાથી પણ અત્યંત વિનયપૂર્વક પોતાના ગુરુને વોળાવવા માટે થોડે દૂર સુધી પાછળ પાછળ ગયો........અંતે ફરીફરીને મુનિરાજને નમસ્કાર કરીને ગદગદભાવે પોતાના વનમાં પાછો આવ્યો.

હાથી હવે પાંચવ્રત સહિત નિર્દોષ જીવન જીવે છે; પોતે જે શુદ્ધઆત્મા અનુભવ્યો છે તેની ફરીફરીને ભાવના કરે છે. કોઈ પણ જીવને તે હેરાન કરતો નથી, ત્રસહિંસા થાય તેવો ખોરાક ખાતો નથી; શાંતભાવથી રહે છે, ને સુકાઈ ગયેલા ઘાસ પાન ખાય છે; કોઈવાર ઉપવાસ પણ કરે છે. ચાલતી વખતે પગ પણ જોઈજોઈને મુકે છે. હાથિણીનો સંગ તેણે છોડી દીધો છે. મોટા શરીરને લીધે બીજા જીવોને દુઃખ ન થાય–તે માટે શરીરને તે બહુ હલાવતો નથી, વનના પ્રાણીઓ સાથે શાંતિથી રહે છે ને ગુરુના ઉપકારને વારંવાર યાદ કરે છે. હાથીની આવી શાંત ચેષ્ટા દેખીને વનના વાંદરા અને બીજાં પશુઓ પણ તેના ઉપર પ્રેમ રાખે છે ને સુકાં ઘાસપાન લાવીને તેને ખવડાવે છે.

પૂર્વભવનો તેનો ભાઈ કમઠ,–કે જે ક્રોધથી મરીને ઝેરી સર્પ થયો છે તે આ વનમાં જ રહે છે, જીવજંતુઓને મારી ખાય છે ને નવા પાપ બાંધે છે.



એક દિવસ હાથીને તરસ લાગી એટલે પાણી પીવા માટે સરોવર પાસે આવ્યો; તળાવના કિનારે ઝાડ ઉપર ઘણા વાંદરા રહેતા હતા, તે આ હાથીને જોઈને ખુશી થયા. તળાવમાં ચોક્ખુ પાણી જોઈને તે પીવા માટે હાથી સરોવરમાં ઊતર્યો; પણ તેનો પગ ઊંડા કાદવમાં ખૂચી ગયો...તે કાઢવાની મહેનત કરવા છતાં નીકળી ન શક્યો. આથી તે હાથીએ આહાર–પાણીનો ત્યાગ કરીને સમાધિમરણની તૈયારી કરી; તે પંચપરમેષ્ઠીને યાદ કરીને આત્માનું ચિંતન કરવા લાગ્યો.

હાથીને કાદવમાં ખૂંચી ગયેલો જોઈને તેને બચાવવા વનના વાંદરા ઘણી કિકિયારી કરવા લાગ્યા....પણ એ નાનકડા વાંદરા મોટા હાથીને કઈ રીતે બહાર કાઢી શકે? એવામાં સર્પ થયેલો કમઠનો જીવ ફૂંફાડા મારતો ત્યાં આવ્યો; હાથીને દેખતાં જ પૂર્વભવના વેરના સંસ્કારને લીધે તેને ઘણો ક્રોધ ચડયો ને દોડીને હાથીને કરડયો. કાળકૂટ ઝેરવાળો સર્પ કરડવાથી હાથીને ઝેર ચડયું અને થોડા વખતમાં તેનું મરણ થયું. પરંતુ આ વખતે તેણે પહેલાંની જેમ આર્ત્તધ્યાન ન કર્યું, આ વખતે તો આત્માના જ્ઞાનસહિત ધર્મની ઉત્તમ ભાવના ભાવતાં–ભાવતાં તેણે સમાધિમરણ કર્યું...અને દેહ છોડીને તે બારમા સ્વર્ગમાં દેવ થયો.

સર્પ હાથીને કરડયો તે દેખીને એક વાંદરીને ઘણી ખીજ ચડી અને તેણે તે સર્પને મારી નાંખ્યો; પાપી સર્પ આર્ત્તધ્યાનથી મરીને પાંચમી નરકમાં ગયો. એક વખતના બે સગા ભાઈ, તેમાં પુણ્ય–પાપના ફળ અનુસાર એક તો સ્વર્ગમાં ગયો ને બીજો નરકમાં ગયો.

( –પછી શું થયું? તે આવતા અંકમાં વાંચશો. )

# જ્ઞાનચેતનાનો મહિમા

**હે જીવ! જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાનના ઊંડા પાયા નાંખ. જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કરીને તેનું ઊંડું ઘોલન કર, -ઉપરછલ્લું નહીં પણ ઊંડું ઘોલન કર, તો અંતરમાં તેનો પત્તો લાગશે, ને અપૂર્વ આનંદ સહિત જ્ઞાનચેતના પ્રગટશે. તે રાગદ્વેષ વગરની છે.**

આત્માનો જ્ઞાયકસ્વભાવ છે, જ્ઞેયોને જાણતાં રાગ–દ્વેષરૂપ વિક્રિયા પામે એવો તેનો સ્વભાવ નથી; પોતાના સ્વરૂપથી ચ્યુત થયા વગર જ્ઞેયોને જાણવાનો તેનો સ્વભાવ છે. અને જ્ઞેયોમાં પણ એવો સ્વભાવ નથી કે જ્ઞાનમાં રાગ–દ્વેષ કરાવે.

જગતમાં પ્રશંસાના શબ્દો પરિણમે, તે જ્ઞાનમાં જણાય, તેથી રાગ કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી; તેમજ જગતમાં નિંદાના શબ્દો પરિણમે, તે જ્ઞાનમાં જણાય, તેથી દ્વેષ કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી; તેમજ તે પ્રશંસા કે નિંદાના શબ્દો જીવને એમ નથી કહેતાં કે તું અમારી સામે જોઈને રાગ–દ્વેષ કર.

જીવનો જ્ઞાનસ્વભાવ પણ એવો નથી કે જ્ઞેયોની સન્મુખ થઈને તેને જાણે કે રાગ–દ્વેષ કરે. બાહ્ય પદાર્થો પ્રત્યે ઉદાસીન રહીને, એટલે કે નિજસ્વરૂપમાં જ અચલ રહીને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આવું જ્ઞાન તે જ આત્માનો મહિમા છે.

આવા પોતાના જ્ઞાનમહિમાને જે નથી જાણતો તે જ અજ્ઞાનથી રાગ–દ્વેષ કરે છે, અને પદાર્થો મને રાગ–દ્વેષ કરાવે છે એમ અજ્ઞાનથી માને છે. વસ્તુસ્વભાવની સાચી સ્થિતિને તે જાણતો નથી.

ભાઈ! જગતના કોઈ શુભ–અશુભ પદાર્થમાં એવી તાકાત નથી કે તારા જ્ઞાનમાં રાગ–દ્વેષ કરાવે. અને તારા સહજ જ્ઞાનનું પણ એવું સ્વરૂપ નથી કે રાગ–દ્વેષ કરે.

પુત્રનો સંયોગ કે વિયોગ, ધનનો સંયોગ કે વિયોગ, નિરોગ શરીર કે ભયંકર રોગ, સુંવાળો સ્પર્શ કે અગ્નિનો સ્પર્શ, મધુર રસ કે કડવો રસ, સુગંધ કે દુર્ગંધ, સુંદર રૂપ કે બેડોળ રૂપ, પ્રશંસાના શબ્દો કે નિંદાના શબ્દો, ધર્માત્માના ગુણો કે પાપી

જીવના દોષો,–તે કોઈ પદાર્થો આ જીવને રાગ–દ્વેષ કરવાનું કહેતાં નથી, તે તો ભિન્ન જ્ઞેયમાત્ર છે. ભગવાન આત્માનો મહિમાવંત જ્ઞાનસ્વભાવ પોતાથી પૂર્ણ છે, નિર્વિકાર છે. સહજ ઉદાસીન છે; જ્ઞાની તો આવા સ્વભાવને જાણતા થકા પોતાની જ્ઞાનચેતનાને અનુભવે છે; તે જ્ઞાનચેતનાનો અદ્ભુત વૈભવ છે, તે આનંદથી ભરેલી છે, અને જ્ઞેયોમાં તન્મય થયા વગર જ તેને જાણી લેનારી છે, જાણવા છતાં તેમાં રાગ–દ્વેષ કરનારી નથી.

અજ્ઞાની આવી જ્ઞાનચેતનાને જાણતો નથી ને જ્ઞેય પદાર્થોને રાગ–દ્વેષનું કારણ માનતો થકો તે પોતાના સહજજ્ઞાનથી ચ્યુત થાય છે.–આવું અજ્ઞાન જ રાગ–દ્વેષનું કારણ છે.

સિદ્ધભગવાન કે અરિહંત ભગવાન આ આત્માના જ્ઞેય છે, તેને જાણતાં જ્ઞાન રાગ કરે એવો આત્માનો સ્વભાવ નથી, ને સિદ્ધભગવાન પણ કાંઈ રાગ કરાવતા નથી. અને નિગોદનો કે નરકનો જીવ તે પણ જ્ઞેય છે, તેને જાણતાં દ્વેષ કરે એવો આત્માનો સ્વભાવ નથી, ને તે જીવો પણ દ્વેષ કરાવતા નથી. જ્ઞાનઉપયોગનો સ્વભાવ પર તરફ ઝુકવાનો નથી પણ નિજસ્વરૂપમાં જ સ્થિર રહેવાનો તેનો સ્વભાવ છે. પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ ઉપયોગની તન્મયતા થઈ ત્યાં રાગ–દ્વેષ રહેતા નથી. કેવળજ્ઞાનમાં ત્રણકાળ–ત્રણલોકના સમસ્ત જ્ઞેયો જણાતા હોવા છતાં જરાપણ રાગ–દ્વેષ થતા નથી.–આવી જ્ઞાનની વીરતા છે.

ભાઈ, તું જ્ઞાન છો.......જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાનના ઊંડા પાયા નાંખ, તો તે નિર્ણયનું ઘોલન કરતાં કરતાં જ્ઞાનનો અનુભવ થશે ને રાગનો રસ છૂટી જશે. જ્ઞાનમાં રાગ છે જ ક્યાં? આવા જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કરીને તેનું ઊંડું (ઉપરછલું નહીં પણ ઊંડું) ઘોલન કરવું જોઈએ, તો અંતરમાં સ્વભાવનો પત્તો લાગે, ને આનંદ સહિત અપૂર્વ જ્ઞાનચેતના પ્રગટે, તે રાગ–દ્વેષ વગરની છે. જુઓ, આવી જ્ઞાનચેતનારૂપ ઉપશમભાવ તે મોક્ષનું કારણ છે.

કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી જ્ઞાનચેતના છે. આવી જ્ઞાનચેતનાને સ્વસંવેદન વડે ધર્મી જીવો જાણે છે. જ્યારે અંતરના સ્વસંવેદનથી જ્ઞાનચેતના પ્રગટી ત્યારે જ ધર્મીપણું થયું એટલે કે સમ્યગ્દર્શન થયું. આવી જ્ઞાનચેતના પછી જ શુદ્ધોપયોગ રૂપ ચારિત્રના બળથી મુનિદશા પ્રગટે છે. ચોથે પાંચમે ગુણસ્થાને પણ ધ્યાન–ધ્યેયના

વિકલ્પો તૂટીને નિર્વિકલ્પ ધ્યાનરૂપ શુદ્ધોપયોગ કોઈક–કોઈકવાર આવે છે; પણ મુનિને તો વારંવાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયા કરે છે. જ્ઞાનચેતનાનો ઉપયોગ વારંવાર અંતરમાં એકાગ્ર થાય છે; ત્યારે છઠ્ઠા–સાતમા ગુણસ્થાનરૂપ ચારિત્રદશા થાય છે. આવી ચારિત્ર દશામાં શરીર તદ્દન દિગંબર હોય છે. પંચમહાવ્રતાદિ વ્યવહાર હોય છે. પણ મહાવ્રતાદિના વિકલ્પોથી જ્ઞાનચેતના તો જુદી છે. આ કાળેય આવી જ્ઞાનચેતના અને મુનિદશા પ્રગટી શકે છે, આ કાળે કાંઈ મુનિદશાનો નિષેધ નથી.

–પણ મુનિદશા પહેલાં ધર્મીને સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતના હોય છે. તેને પોતાના ચૈતન્યના આનંદ સિવાય બીજે ક્યાંય ચેન પડતું નથી. નાના રાજકુમારો માતા પાસે જઈને કહે છે કે હે માતા! અમારી જ્ઞાનચેતના સિવાય આ સંસારમાં અમને ક્યાંય ચેન નથી, રાગમાં અમને ચેન નથી; અમારા ચૈતન્યનો જે આનંદ–ભંડાર અમે જોયો છે તેમાં જ અમને ચેન છે; તે આનંદને સાધવા માટે મુનિ થવા માંગીએ છીએ.–માટે હે માતા! તમે અમને રજા આપો.–આવી મુનિદશા આ પંચમકાળમાં પણ થઈ શકે છે. પરંતુ હજી જેને તત્ત્વનું ભાન નથી, જ્ઞાનચેતના પ્રગટી નથી, ને રાગમાં જેને ચેન છે (–રાગને મોક્ષનું કારણ માને છે) તેને તો મુનિદશા કેવી? ને સમ્યગ્દર્શન પણ કેવું? તે તો મિથ્યાત્વમાં ઊભા છે. અહીં તો અંતરના અનુભવ–સહિત સમ્યગ્દર્શન જેને થયું છે ને જ્ઞાનચેતના પ્રગટી છે, તેને વિશેષ એકાગ્રતા વડે ચારિત્રનો વૈભવ પ્રગટે છે, ને તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. આવી ચારિત્રદશા વગર કોઈને મોક્ષ થાય નહીં; ને સમ્યગ્દર્શન વગર આવી ચારિત્રદશા કોઈને થાય નહીં.

માટે પહેલાં તો, કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી એવી જ્ઞાનચેતના પ્રગટ કરવા માટે, આગમપ્રમાણથી, જ્ઞાનના અનુમાનપ્રમાણથી તથા અનુભવરૂપ સ્વસંવેદન પ્રમાણથી આત્માનું સ્વરૂપ જાણવું; આ રીતે ચોથા ગુણસ્થાને જે જ્ઞાનચેતના પ્રગટી તે નિરંતર રહે છે. –પણ તેનો ઉપયોગ સ્વમાં ક્યારેક હોય છે. પછી વારંવાર તે જ્ઞાનચેતનાના અભ્યાસ વડે એકાગ્રતા થતાં મુનિદશા થાય છે; પછી ઉપયોગ નિજસ્વરૂપમાં એકાગ્ર કરીને શ્રેણી માંડતાં સાક્ષાત્ પૂર્ણ જ્ઞાનચેતનારૂપ કેવળજ્ઞાન થાય છે. આવી આનંદમય જ્ઞાનચેતના વડે આત્માનો મહિમા છે, તે જ આત્માનો વૈભવ છે.

જ્ઞાનચેતના રાગને જાણે છતાં પોતે રાગથી મુક્ત છે. અહો, જ્ઞાનચેતનાનો મહિમા તો જુઓ! તે નિજસ્વભાવના આનંદને સ્પર્શનારી–અનુભવનારી છે, ને રાગ–દ્વેષ વગરની

છે. આવી જ્ઞાનચેતનાવંત જ્ઞાની સદા પોતાના સ્વભાવને જ સ્પર્શે છે–એટલે તેને જ તન્મયપણે અનુભવે છે; રાગને જાણવા છતાં તેમાં કદી તન્મય થતા નથી. હજારો સૂર્યનાં તેજ કરતાં પણ અનંતગુણું ચૈતન્યતેજ જેમાં પ્રકાશે છે–એવી જ્ઞાનચેતના અપાર વૈભવથી ભરેલી છે, રાગાદિ વિભાવોથી તે અત્યંત મુક્ત છે, ત્રણેકાળનાં કર્મોથી તે જુદી છે. આવી ચેતનાનો ચમકાર થયો તે જ આત્માનો ચમત્કાર છે.

(સમયસાર કળશ ૨૨૨–૨૨૩ પ્રવચનમાંથી)

***

******

***

# અડોલ સાધક

જગતમાં પ્રતિકૂળતાના ડુંગરા તૂટી પડતા હોય, અજ્ઞાનીઓ સત્યધર્મનો વિરોધ કરતા હોય, અન્યાય થતો હોય, છતાં જ્ઞાનમાં વિકલ્પ કરવાનો કે આકુળતા કરવાનો સ્વભાવ નથી; શું સિદ્ધભગવંતો આકુળતા કરે છે?–ના, પ્રતિકૂળતાના વાયરામાં એવી તાકાત નથી કે જ્ઞાનના પહાડને ડગાવી દે. અનાકુળપણે રહેવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આવા બેહદ વીતરાગ શાંતસ્વભાવથી આત્મા ભરેલો છે. અહા, આત્મસ્વભાવ તો વીતરાગી નિર્મળ કાર્યને જ કરનારો ને આનંદનો જ દેનારો છે.–આવી આત્મસાધનાના પંથે ચડેલા સાધકને જગતની કોઈ પ્રતિકૂળતા ડગાવી શકતી નથી કે મુંઝવી શકતી નથી.

# આત્મ-શાંતિ

ભાઈ, તારો આત્મસ્વભાવ એવો છે કે એની સન્મુખ પરિણમતાં આનંદસહિત નિર્મળ સમ્યક્ત્વાદિનો ઉત્પાદ થાય છે. જગતના કોલાહલથી શાંત થઈ, તારા સ્વભાવને લક્ષમાં લે. જગત શું કરે છે ને જગત શું બોલે છે–તેની સાથે તારા તત્ત્વને સંબંધ નથી. કેમકે તારો ઉત્પાદ તારામાંથી આવે છે, બીજામાંથી નથી આવતો.

સ્વભાવનું ભાન થયા છતાં કાંઈક રાગદ્વેષ થાય તો તે કાંઈ જ્ઞાનભાવનું કાર્ય નથી–એમ ધર્મીને ભિન્નતાનું ભાન છે, એટલે તે વખતે પોતાનો જ્ઞાનભાવ ચુકાતો નથી.

"આત્મવૈભવ" માંથી

# ગુજરાતી સાહિત્યની યાદી

સોનગઢ સંસ્થાના વેચાણ વિભાગમાં જે ગુજરાતી પુસ્તકો હાલ મળી શકે છે તેની યાદી નીચે મુજબ છે. પુસ્તકો મંગાવનારે પોતાનું પૂરું સરનામું તથા રેલ્વે સ્ટેશન જણાવવું.

| | | | |
|---|---|---|---|
| આત્મવૈભવ | ૩–૫૦ | સમયસાર પદ્યાનુવાદ | ૦–૩૧ |
| સમયસાર પ્રવચન ભાગ–૧ | ૪–૦૦ | સમયસાર ગુટકો | ૦–૭૫ |
| જિનેન્દ્ર સ્તવનમાળા | ૧–૧૨ | પ્રવચનસાર પદ્યાનુવાદ | ૦–૩૧ |
| જિનેન્દ્ર સ્તવનમંજરી | ૨–૦૦ | જૈન બાળપોથી ભાગ–૧ | ૦–૨૫ |
| સમવસરણ સ્તુતિ તથા શ્રી કુંદકુંદ–સ્તવનો | ૦–૨૫ | જૈન બાળપોથી ભાગ–૨ | ૦–૪૦ |
| જૈન સિદ્ધાંત પ્રવેશિકા | ૦–૧૬ | આલોચના | ૦–૧૩ |
| જૈન સિદ્ધાંત પ્રશ્નોતરમાળા ભાગ ૧–૨ | ૧–૧૨ | જિન પૂજાપાઠ ( નાનું ) | ૦–૧૩ |
| લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા | ૦–૩૫ | જિનેન્દ્ર પૂજા પલ્લવ | ૦–૫૦ |
| અનુભવપ્રકાશ અને સત્તાસ્વરૂપ | ૧–૦૦ | ચિદ્‌વિલાસ | ૦–૭૫ |
| અનુભવપ્રકાશ પ્રવચનો | ૨–૫૦ | પંચકલ્યાણક પ્રવચનો | ૨–૨૫ |
| આત્મસિદ્ધિ ગુટકો | ૦–૬૦ | પુરુષાર્થસિદ્ધિ ઉપાય | ૨–૦૦ |
| દ્રવ્યસંગ્રહ | ૧–૦૦ | સમાધિતંત્ર હરિગીત | ૦–૧૫ |
| મોક્ષમાર્ગપ્રકાશકનાં કિરણો | ૧–૬૩ | સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧–૫૦ |
| મોક્ષમાર્ગ પ્રકાશક | ૩–૦૦ | ઇષ્ટોપદેશ | ૨–૦૦ |
| મોક્ષશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્ર ( ટીકા ) | ૪–૦૦ | મંગલ તીર્થયાત્રા | ૬–૦૦ |
| સર્વસામાન્ય પ્રતિક્રમણ | ૦–૫૦ | વીતરાગ વિજ્ઞાન ( છઢાળા પ્રવચન ) ભાગ–૨ | ૦–૫૦ |
| સામાયિક પાઠ સાર્થ | ૦–૩૦ | સમયસાર કલશ–ટીકા | ૨–૫૦ |
| યોગસાર દોહા | ૦–૧૫ | પૂ. શ્રી કાનજીસ્વામીનો જીવનપરિચય | ૧–૦૦ |
| પ્રવચનસાર | ૫–૫૦ | સમ્યક્ત્વપ્રેરક અષ્ટ પ્રવચન ( ૧ ) | ૧–૦૦ |
| પંચાસ્તિકાય–સંગ્રહ | ૩–૦૦ | | |

પુસ્તકો મંગાવવાનું સરનામું

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

માનનીય પ્રમુખ સાહેબ તરફથી સૂચવવામાં આવે છે કે સંસ્થા પાસે 'અનેકાન્ત' માસિકની કેટલીક ફાઈલો સ્ટોકમાં છે, તે જિજ્ઞાસુઓને તેમજ લાઈબ્રેરી વગેરે સંસ્થાઓને ભેટ આપવાની છે; તો તે મંગાવવા ઈચ્છા હોય તેમણે ઉપરના સરનામે લખવું.

# સ્વભાવના મહિમાની મધુરી પ્રસાદી

卐 લેખાંક ( ૨ ) 卐

સ. ગા. ૩૨૦ નાં પ્રવચનોનો એક ભાગ ગતાંકમાં આપેલ છે, તેનો બીજો ભાગ અહીં આપવામાં આવ્યો છે. જ્ઞાનસ્વભાવનો કોઈ અપૂર્વ ઉલ્લાસ લાવીને ફરી ફરીને તેના મહિમાનું ઊંડું ઘોલન કરવું તે આ પ્રવચનનો સાર છે, ને તે જ અનુભવની રીત છે.

આત્માનો શુદ્ધ સ્વભાવ કેવો છો ?–કે જેને લક્ષમાં લેતાં સમ્યગ્દર્શન થાય ? તેની આ વાત છે. બધા સમુદ્રોમાં સ્વયંભૂરમણ–સમુદ્ર સૌથી મોટો છે, તે સ્વયંભૂરમણ–સમુદ્ર કરતાં પણ મહાન જેનો મહિમા છે એવો જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા છે. શરીરાદિ સંયોગ તો આત્માથી તદ્દન બહાર છે, કર્મ પણ જડ છે–આત્માથી ભિન્ન છે, રાગ પણ આત્માનું સ્વરૂપ નથી, ને એક પર્યાય જેટલો પણ આખો આત્મા નથી; એક સમયમાં પરમ જ્ઞાનસ્વભાવે પૂરો આત્મા છે; તે આત્મા જ્યારે સ્વસન્મુખ થઈને શુદ્ધજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે તે રાગાદિનો કર્તા–ભોકતા થતો નથી.–આવું અકર્તાપણું તે ધર્મ અને મોક્ષમાર્ગ છે.

જીવાદિ સાતતત્ત્વોમાંથી પણ પોતાનો શુદ્ધ આત્મા જ ખરેખર ઉપાદેય છે. પરવસ્તુ ક્યાંય બહાર રહી ગઈ, પરભાવ રાગાદિ ક્યાંય રહ્યા, ને નિર્મળ પર્યાયના ભેદોનો પણ ધર્મીને આશ્રય નથી; નિર્મળપર્યાયના ભેદો ઉપાદેય નથી; આત્માને પોતાનો આત્મા જ ઉપાદેય છે, બીજું કાંઈ ઉપાદેય નથી. પહેલાં આવા ઉપાદેય તત્ત્વનો નિર્ણય અને ઓળખાણ કરવી જોઈએ; પછી વારંવાર અંતરમાં તેનું ઘોલન કરતાં અનુભવ અને સમ્યગ્દર્શન થાય છે. આ તો પોતાના ઘરની વસ્તુ છે; પોતાના અસ્તિત્વમાં જે છે તે જ પોતાને સમજવાનું છે. પોતાના સ્વભાવને ભૂલીને અત્યારસુધી બહારમાં નજર કરી છે ને ત્યાં જ પોતાનું અસ્તિપણું માન્યું છે; તેને બદલે અંતરમાં પોતાનો જે સ્વભાવ છે તેમાં નજર કરવાની આ વાત છે.

જે અખંડ કારણ પરમાત્મારૂપ આત્મા છે તે જ સમ્યગ્દષ્ટિ જીવોને ઉપાદેય છે; આવો આત્મસ્વભાવ તો બધા જીવોમાં છે, પણ તેને સમ્યગ્દષ્ટિ જ ઉપાદેય કરે છે, તે

જ તેને ઓળખે છે, અજ્ઞાની તેને ઓળખતો નથી, એટલે ઉપાદેય ક્યાંથી કરે માટે કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિ જ તેને ઉપાદેય કરે છે. પોતાના આવા શુદ્ધપરમાત્મા સિવાય સમ્યગ્દ્રષ્ટિને બીજું કાંઈ ઉપાદેય નથી. આવા શુદ્ધદ્રવ્યને ધ્યેય કરતાં સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે. એ સિવાય બીજી રીતે ત્રણકાળ ત્રણલોકમાં સમ્યગ્દર્શનાદિ થતાં નથી. આત્મા જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખ થયો ત્યારે તેને અમૃતનું ઉત્તમમાં ઉત્તમ ચોઘડીયું છે. અંતરમાં આનંદનો અનુભવ થાય–એના જેવું મંગલ ચોઘડીયું બીજું કોઈ નથી.

કોઈ કહે કે અત્યારે જે કલાસ (શિક્ષણવર્ગ) ચાલે છે તેમાં આ કયા કલાસની વાત છે? તો કહે છે કે આત્માના કલાસની આ વાત છે. આત્મા સૌથી ઉત્તમ છે, તે જેને સમજવો હોય તેને માટે આ વાત છે. આને ધર્મનો પહેલો કલાસ કહો કે ઊંચામાં ઊંચો કલાસ કહો; પણ સત્ય સ્વરૂપ સમજવું હોય તેણે આ સમજવું પડશે.

શ્રી ગુરુએ આત્માનું આવું સ્વરૂપ સમજાવ્યું, ને શિષ્ય ગુરુગમથી આત્માનું આવું સ્વરૂપ સમજ્યો, ત્યારે વિનયથી તે કહે છે કે અહો! શ્રીગુરુનો મહાન ઉપકાર થયો, શ્રીગુરુએ જ મને આવો આત્મ સમજાવ્યો. આ રીતે ધર્માત્મા–સત્પુરુષો ઉપકારનું જ્ઞાન ભૂલતા નથી–'न हि कृतमुपकारं साधवो विस्मरन्ति!' છતાં તે જાણે છે અને શ્રીગુરુએ પણ એમ જ સમજાવ્યું છે કે પર તરફનો આ વિકલ્પ છે તે આત્મા નથી, વિકલ્પ તરફનું જે જ્ઞાન છે તેટલો પણ ખરેખર આત્મા નથી.–અંતર્મુખ થઈને પોતે આવો આત્મા સમજ્યો ત્યારે શ્રીગુરુનો ઉપકાર થયો.–પણ 'સમજ્યા વણ ઉપકાર શો?'

એક આત્માને નવતત્ત્વપણે અનુભવવો તેને તો મિથ્યાત્વ કહ્યું છે, નવતત્ત્વપણે અનુભવતાં તો વિકલ્પોનો જ અનુભવ થાય છે ને તે વિકલ્પના અનુભવમાં અટકવું તે મિથ્યાત્વ છે; શુદ્ધઆત્માના એકપણાનો અનુભવ તે સમ્યગ્દર્શન છે. સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર તરફના બહુમાન વગેરેનો ભાવ તે શુભરાગ છે, તે શુભરાગ પોતે મિથ્યાત્વ નથી, પણ તે શુભરાગને જો ધર્મ માને, કે તેને મોક્ષનું સાધન માને, તો મિથ્યાત્વ થાય છે. ઉદયભાવ કદિ મોક્ષનું કારણ થાય નહીં, ઔપશમિકાદિ ત્રણભાવો–કે જે શુદ્ધઆત્માના આશ્રયે જ પ્રગટે છે–તે મોક્ષનું કારણ છે; ને જે પારિણામિક સ્વભાવ છે તે તો બંધ–મોક્ષ વગરનો છે; બંધન થવું ને મુક્ત થવું તે પર્યાયમાં છે, ત્રિકાળ સ્વભાવને બંધન–મોક્ષ થવાપણું નથી.

ઉપશમાદિ ત્રણ ભાવો મોક્ષમાર્ગ છે, પણ શુદ્ધઆત્માની સન્મુખ થઈને શુદ્ધોપયોગ થયા વગર તે ભાવ પ્રગટ થાય નહિ. સ્વસન્મુખ નિજવેપારને શુદ્ધોપયોગ

કહે છે. તે વખતે રાગ અબુદ્ધિપૂર્વક ભલે હો પણ શુદ્ધઉપયોગપૂર્વક જ સમ્યગ્દર્શન થાય છે ને મોક્ષમાર્ગ ખુલે છે. પછી નિર્વિકલ્પશુદ્ધોપયોગ ક્યારેક–ક્યારેક થાય છે, સદાય નથી રહેતો; છતાં, શુદ્ધોપયોગ ખસી જાય ત્યારે પણ સમ્યક્ત્વાદિ શુદ્ધપરિણતિ તો સળંગ રહે છે, અને તે સંવર–નિર્જરા–મોક્ષનું કારણ છે. આત્મા પોતે ઇન્દ્રિયાતીત રાગાતીત શુદ્ધોપયોગસ્વભાવી હોવાથી શુદ્ધોપયોગ વડે જ તે અનુભવમાં આવે છે.–આવો વીતરાગનો અલૌકિક માર્ગ છે.

'ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યયુક્તં સત્'–એમ ભગવાને કહ્યું છે, તેમાં ધ્રુવ તે તો પરમ–પારિણામિકભાવરૂપ છે, અને ઉત્પાદ–વ્યયમાં ઉદય–ઉપશમાદિ ભાવો હોય છે. મોક્ષમાર્ગ તે ઉત્પાદ–વ્યયરૂપ છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં આખી વસ્તુ આવી ગઈ. એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવનું જે સૂક્ષ્મસ્વરૂપ સર્વજ્ઞભગવાને જોયું છે તેવું સ્વરૂપ બીજા કોઈએ જોયું નથી. સર્વજ્ઞે કહેલું યથાર્થ આત્મસ્વરૂપ જાણ્યા વગર સાચો અનુભવ થાય નહિ. સમયસારમાં શુદ્ધાત્માની સન્મુખ થયેલ ભાવશ્રુતજ્ઞાનરૂપ અનુભૂતિને આત્મા કહ્યો છે; ભાવશ્રુત એટલે ઉપયોગની સ્વસન્મુખ એકાગ્રતારૂપ વીતરાગી પર્યાય;–તેને અભેદપણે આત્મા કહ્યો છે; અને અહીં કહે છે કે દ્રવ્ય અને પર્યાય 'કથંચિત્ ભિન્ન' છે; તેમાં બંનેમાં કાંઈ વિરોધ નથી.

વર્તમાન પર્યાય એક સમયની સત્ છે; તેને દ્રવ્યથી અભિન્નપણું પણ છે ને કથંચિત્ ભિન્ન પણ છે. પર્યાયનો ભેદ પાડવો તે વ્યવહાર છે. ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય, ને પર્યાય તે વ્યવહાર, તે અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાયને કથંચિત્ ભિન્નપણું છે. આત્માને ભેદ પાડીને લક્ષમાં લેવો તે વ્યવહાર છે, તેના આશ્રયે રાગ છે; અને અભેદ આત્માને લક્ષમાં લેવો તે નિશ્ચય છે, તેના આશ્રયે નિર્વિકલ્પ સમ્યક્ત્વાદિ થાય છે. સ્વસન્મુખ એકાગ્ર થઈને અભેદ થયેલી એક સમયની તે પર્યાય દ્રવ્યથી અભિન્ન છે, પણ દ્રવ્યની જેમ તે ત્રિકાળ નથી માટે તે કથંચિત્ ભિન્ન છે.–આમ બંને વિવક્ષા સમજવી જોઈએ. દ્રવ્ય અને પર્યાયનું કથંચિત્ ભિન્નપણું ને કથંચિત્ અભિન્નપણું જેમ છે તેમ જાણતાં પર્યાયબુદ્ધિ છૂટી જાય છે, ને દ્રવ્યસન્મુખ દ્રષ્ટિ જાય છે. દ્રવ્યસન્મુખ થયેલી પર્યાય પોતે શુદ્ધ છે, એકસમયનું તેનું જે અસ્તિત્વ છે તે સ્વયં પોતાથી શુદ્ધ છે; દ્રવ્યથી અનાલિઢ છે તે અપેક્ષાએ આ શુદ્ધપર્યાયને ( અલિંગગ્રહણના ૨૦ મા બોલમાં ) આત્મા કહ્યો કેમકે આત્મા તે પર્યાયમાં અભેદપણે તે સમયે પરિણમ્યો છે, માટે તે શુદ્ધપર્યાયને આત્મા કહ્યો. અલિંગગ્રહણના વીસ અર્થમાં આચાર્યદેવે અલૌકિક વાત કરી છે.

જુઓ, આ વીતરાગનો માર્ગ! આવો આત્મા સર્વજ્ઞદેવે જોયો છે અને આવો આત્મા અનુભવીને સંતો મોક્ષ પામ્યા છે. અહો, સમ્યગ્દર્શનનું જે ધ્રુવધ્યેય છે તેનાથી મોક્ષમાર્ગની પર્યાય તે સમયે અભિન્ન છે, પણ તે કાયમ દ્રવ્ય સાથે રહેતી નથી માટે તે કથંચિત્ ભિન્ન છે. આ રીતે જો કથંચિત ભિન્ન ન હોય (ને સર્વથા અભિન્ન હોય) તો પર્યાયનો બીજે સમયે અભાવ થતાં દ્રવ્યનો પણ નાશ જ થઈ જાય.–પણ એમ નથી. શુદ્ધદ્રવ્યમાં એકમાં અગ્રતા–એવી જે એકાગ્રતા–તેનું નામ શુદ્ધાત્માની ભાવના છે, તે મોક્ષમાર્ગ છે. ત્રિકાળસ્વભાવ છે તે પોતે ભાવનારૂપ નથી, તે ધ્રુવધ્યેયરૂપ છે; તેમાં એકાગ્ર થઈને પર્યાય તેને ધ્યાવે છે. આવો મોક્ષમાર્ગ છે. આમાં તો પોતાના શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાય વચ્ચે જ રમત છે; વચ્ચે રાગની તો વાત જ નથી. તે તો મોક્ષમાર્ગની બહાર રહી ગયો.

ભાઈ, તારી વીતરાગી જ્ઞાનપર્યાય કેવી છે ને તે કેવા ધ્યેયે અંતરમાં પ્રગટે તેની આ વાત છે. તારી પર્યાયના બાણનું નિશાન તારા ધ્રુવસ્વભાવને બનાવ. તેને ધ્યેય બનાવીને તેમાં પર્યાય અભેદ થઈ, ત્યાં 'આ શુદ્ધપર્યાયને હું કરું' એમ ભેદ રહેતો નથી; ત્યાં શુદ્ધપર્યાય તો સત્ છે જ,–પછી તેને કરૂં એવો વિકલ્પ રહેતો નથી. આવી શુદ્ધપર્યાયરૂપે પરિણમેલા શુદ્ધઆત્માને જ આત્મા કહ્યો છે. 'શુદ્ધપર્યાય હું કરૂં' એવા લક્ષે શુદ્ધપર્યાય થતી નથી પણ રાગ થાય છે. ને તે રાગમાં તન્મય વર્તે તો મિથ્યાત્વ થાય છે. રાગથી ભિન્ન ને સ્વભાવથી અભિન્ન એવી શુદ્ધપરિણતિ તે મોક્ષમાર્ગ છે. ધ્રુવસ્વભાવનો સાગર તો એવો ને એવો ભરપૂર પૂર્ણ છે, તેમાં પર્યાયના તરંગમાં વધ–ઘટ છે. ચૈતન્યસમુદ્ર આત્મા તે દ્રવ્યઅપેક્ષાએ એકરૂપ સદા પૂરો સ્થિર છે, ને પર્યાયઅપેક્ષાએ તે તરંગરૂપ થાય છે, તેમાં પરિવર્તન થાય છે. 'આ શુદ્ધપર્યાય છે ને તે દ્રવ્યનું આલંબન લ્યે છે'–એવા ભેદ ખરેખર નથી. પર્યાયને અંદરમાં ઢાળું–એ પણ વિકલ્પ છે, જ્યાં એવો વિકલ્પ છે ત્યાં પર્યાય અંતરમાં ઢળેલી નથી. અને જે નિર્મળ પર્યાય છે તે અંતરમાં ઝુકીને શુદ્ધ થયેલી જ છે એટલે શુદ્ધપર્યાય સ્વયમેવ સત્ છે. જેમ તે વખતે દ્રવ્ય સત્ છે તેમ તેની સન્મુખ અભેદ થયેલી શુદ્ધપર્યાય પણ સત્ છે. 'અલિંગગ્રહણ' ના અર્થમાં તેનું સરસ વર્ણન કર્યું છે. આવા સત્ આત્માને સમ્યગ્દષ્ટિ અનુભવે છે. દેડકું (એટલે દેડકાનું શરીર નહીં પણ અંદરનો આત્મા) પણ અંતરમાં ધ્રુવ સાથે પર્યાયનો ભેટો કરીને આવા શુદ્ધ આત્માને અનુભવે છે. 'દ્રવ્યના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટી' એમ લક્ષમાં લેવું તે પણ વ્યવહાર

છે; પણ સમજાવવા માટે ઉપદેશમાં ભેદ આવ્યા વગર રહેતો નથી. તે ભેદના લક્ષે ન સમજાય. અભેદના લક્ષે જ સત્ સમજાય. કાર્ય તો પર્યાય કરે છે એટલે પર્યાયથી કથન કરીને સમજાવાય કે પર્યાયને અંતરમાં વાળો.....પર્યાયમાં ધ્રુવનું અવલંબન લ્યો...પર્યાયને સ્વભાવસન્મુખ કરો.–પણ અનુભવ વખતે કાંઈ એવો ભેદ નથી કે આ પર્યાય અને આ તેનો વિષય. શુદ્ધનયના વિષયની સાથે જ્યાં પર્યાય અભેદ થઈ ત્યાં તે અભેદઆત્માને જ 'શુદ્ધનય' કહી દીધો (–શુદ્ધનય ભૂતાર્થ છે–); પણ કાંઈ શુદ્ધનયની પર્યાય પોતે પર્યાય સામે નથી જોતી, તે તો અંતરમાં અભેદ થઈને શુદ્ધ અખંડ આત્માને દેખે છે.–આવી પર્યાય તે મોક્ષનું કારણ છે. અભેદપણે એમ પણ કહેવાય છે કે આવી પર્યાયરૂપે પરિણમેલો આત્મા તે મોક્ષનું કારણ છે. એક આત્મા જ સાધક અને સાધ્ય એવી બે પર્યાયોરૂપે પોતે પરિણમે છે, બીજું કોઈ તે પર્યાયનું કારણ નથી. અને સાધકપર્યાયને સાધ્યપર્યાયનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે. પર્યાયના ભેદનો આશ્રય સાધકને નથી, એટલે કે વ્યવહારનો આશ્રય નથી માટે તેને વ્યવહારથી મુક્ત કહ્યો છે. અભેદ આત્માના આશ્રયે સમ્યગ્દ્રષ્ટિને આનંદના ઝરણાં ઝરે છે. અનેક ગુણોવડે ગુરુ જેમ જેમ આત્માનું સ્વરૂપ સમજાવે છે તેમ તેમ તે સમજીને શિષ્યને આનંદ આવે છે, આત્માના વૈભવનો પરમ મહિમા આવે છે. જેમ વેપારીમાં કહેવાય છે કે પાનું ફરે ને મોતી ઝરે...તેમ ધર્મીને શુદ્ધસ્વભાવ તરફ એકાગ્ર થઈને જ્ઞાનપર્યાય ફરે છે ને આનંદનાં મોતી ઝરે છે. જેમાં આનંદ ન ઝરે તે જ્ઞાન સાચું નહીં. આત્માનું જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદને લેતું પ્રગટે છે.

પ્રશ્નઃ– ધર્મીનેય બહારના વિકલ્પો તો આવે છે?

ઉત્તરઃ– તે વિકલ્પના સમયે પણ તેનાથી જુદું એવું સાચું જ્ઞાન ને સ્વભાવની દ્રષ્ટિ તો ધર્મીને વર્તે જ છે, ને તે શ્રદ્ધા–જ્ઞાનની શુદ્ધિના બળે નિર્જરા પણ થતી જાય છે; ધ્રુવના ધ્યેયે એકાગ્ર થયેલી પર્યાય નિર્મળ થતી જાય છે. તે પર્યાયમાં અનંતા ગુણોની શુદ્ધિનો અંશ એક સાથે પરિણમે છે. આ રીતે રાગ વખતે ધર્મીને એકલો રાગ નથી પણ તે જ વખતે નિર્મળપર્યાય પણ કામ કરી જ રહી છે, ને નિર્મળ પર્યાયના કાર્યમાં રાગનો અભાવ છે. વિકલ્પનું કાર્ય તેનાથી જુદું છે. વાહ! પર્યાયમાં બે ધારા જુદી પડી ગઈ. એક વિકલ્પની રાગધારા–તે ગઈ પરસન્મુખ! ને એક સ્વભાવ તરફની નિર્મળ ધારા, તેમાં રાગનો અભાવ. આનું નામ ભેદજ્ઞાન–પરિણતિ; તેમાં રાગનું જરાય અવલંબન નથી; એકલા સ્વભાવનું અવલંબન લઈને તે કાર્ય કરે છે.

અજ્ઞાનીને એકલો રાગ દેખાય છે, ને રાગથી જુદી જ્ઞાનધારા તેને દેખાતી નથી; કેમકે તેને પોતાને રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન જ નથી, તેથી બીજામાં પણ તે રાગ અને જ્ઞાનધારાને જુદા દેખી શકતો નથી. સ્વભાવના અવલંબને કામ કરનારી જ્ઞાનધારા, રાગ વગરની શુદ્ધ છે, અને તે મોક્ષનું કારણ છે. દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ, અને પર્યાય પણ તેના અવલંબને શુદ્ધ,–આવા દ્રવ્ય પર્યાય અભેદ છે. સમ્યગ્દ્રષ્ટિ ધ્રુવના ધ્યેયે નિર્મળ પર્યાયરૂપે પરિણમ્યો ત્યાં રાગ તેના વિષયમાં ન રહ્યો. ધ્રુવના અવલંબને થયેલી નિર્મળપર્યાય રાગરહિત જ કાર્ય કરે છે. સ્વપરિણતિ છે તે પરપરિણતિથી રહિત જ છે. ચોથા ગુણસ્થાનથી પણ જેટલી સ્વભાવમાં એકાગ્રતારૂપ સ્વપરિણતિ છે તેમાં સમસ્ત રાગાદિ પરપરિણતિનો અત્યંત અભાવ છે. શુદ્ધતામાં અશુદ્ધતા કેવી? વીતરાગ મોક્ષમાર્ગમાં રાગ કેવો? રાગમાં રાગ છે, તે સમયે જ ધર્મીની સ્વપરિણતિ તો રાગ વગરની જ છે. રાગ હોવા છતાં તેને અભૂતાર્થ કરીને, ભૂતાર્થ સ્વભાવના અવલંબને ધર્મીની સમ્યગ્દર્શનાદિ નિર્મળપરિણતિ રાગનો અભાવ કરતી મોક્ષ તરફ દોડી જાય છે.

(जय हो....)

જુઓ ભાઈ, આ વાત સમજીને અંતરમાં અનુભવ કરવા જેવી છે. જિનાગમનું જ્ઞાન તેને કહેવાય કે શુદ્ધાત્માને ધ્યેય બનાવીને તેમાં શ્રુતજ્ઞાનનું લક્ષ એકાગ્ર થાય. આવા જ્ઞાન વગર એકલી શાસ્ત્રભાષાથી ચર્ચા કરવા જાય તો પાર નહીં આવે; અંદરમાં અનુભવગમ્ય કરી લ્યે તો જ પત્તો ખાય તેમ છે. ભાષાવડે પત્તો ન ખાય. ભાષાજ્ઞાન તે જ્ઞાન નથી, અંતરની જ્ઞાનચેતનાથી પ્રગટેલું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે.

ભરતક્ષેત્રમાં અત્યારે જ્ઞાન કેટલું?–એમ એકવાર ચર્ચા થયેલી, ત્યારે કહ્યું કે –અંતરની જ્ઞાનચેતના વડે જ્ઞાનસ્વભાવને જાણનાર જીવને ઊંચામાં ઊંચી જેટલી જ્ઞાનપર્યાય હોય તેટલું જ જ્ઞાન વિદ્યમાન છે; બાકીનું વિચ્છેદ છે. ભલે શબ્દોમાં લખેલું પડયું હોય પણ તેનો ભાવ જાણનારા જીવો ન હોય તો તે જ્ઞાનને વિદ્યમાન કહેતા નથી. જ્ઞાન તો આત્માના આશ્રયે છે, કાંઈ શબ્દોના આશ્રયે નથી.

શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયરૂપ પારિણામિકભાવની દ્રષ્ટિથી ચારગતિમાં ઊપજવું ને મરવું–તે જીવને નથી. જીવનો જે ધ્રુવસ્વભાવ છે તે કાંઈ ઊપજતો કે મરતો નથી; તેને બંધ–મોક્ષ પણ નથી. બંધ–મોક્ષ પર્યાયમાં છે, આખો જીવસ્વભાવ બંધ–મોક્ષરૂપ નથી.

સ્વાનુભૂતિરૂપ આનંદના અભાવમાં જીવ જન્મ–મરણાદિને કરે છે તથા કર્મોને બાંધે છે. જો પોતાના ચિદાનંદ સ્વભાવની સ્વાનુભૂતિરૂપ પરિણામ હોય તો તેને શુભાશુભભાવ થતા નથી, ને જન્મ–મરણ પણ થતા નથી. આવું શુદ્ધોપયોગરૂપ સ્વાનુભૂતિનું પરિણમન ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. નિજઘરમાં આવેલો આત્મા, જેને અનુભૂતિ થઈ, સમ્યગ્દર્શન થયું તે શુદ્ધોપયોગ પરિણતિ વડે મોક્ષને કરે છે.–પણ આ કરવાપણું પર્યાયમાં છે, દ્રવ્યપણે તો જીવ શાશ્વત છે, તેને કરવાપણું નથી. આવો શુદ્ધજીવ જેણે સ્વાનુભૂતિ વડે ઉપાદેય જાણ્યો તે શુદ્ધોપયોગવડે પર્યાયમાં મોક્ષને કરે છે.

પરમાત્મપ્રકાશ ૬૮ મી ગાથાની ટીકામાં કહ્યું છે કે–યદ્યપિ શુદ્ધાત્મઅનુભૂતિના અભાવમાં આત્મા શુભાશુભ ઉપયોગરૂપ પરિણમતો થકો જીવન–મરણને તથા શુભાશુભકર્મબંધને કરે છે, તથા શુદ્ધાત્મઅનુભૂતિ પ્રગટ થતાં તે શુદ્ધોપયોગરૂપ પરિણમતો થકો મોક્ષને કરે છે; તોપણ શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક એવા શુદ્ધદ્રવ્યાર્થિક નય વડે તે બંધ–મોક્ષનો કર્તા નથી. આ સાંભળીને શિષ્ય પૂછે છે કે હે પ્રભો! શુદ્ધદ્રવ્યાર્થિકસ્વરૂપ શુદ્ધ નિશ્ચયવડે જીવ મોક્ષનો પણ કર્તા નથી, એટલે શુદ્ધનયથી મોક્ષ નથી, અને જો મોક્ષ નથી તો તેનું અનુષ્ઠાન (યત્ન) પણ વૃથા છે તેનું સમાધાનઃ– મોક્ષ છે તે બંધપૂર્વક છે; શુદ્ધનિશ્ચયથી જીવને બંધન નથી એટલે બંધથી છૂટવારૂપ મોક્ષ શુદ્ધનિશ્ચયથી નથી. જો શુદ્ધનિશ્ચયથી પણ જીવને બંધન હોય તો તો સદાય બંધન જ રહે, બંધનનો અભાવ કદી થાય જ નહીં. આ અર્થનું દ્રષ્ટાંત કહે છેઃ એક પુરુષ સાંકળથી બંધાયેલો છે, અને બીજો એક પુરુષ બંધનરહિત છે; તેમાં જે પહેલાં બંધાયેલો છે તેને તો 'તમે છૂટયા' એવો વ્યવહાર લાગુ પડે છે; પણ બીજો પુરુષ–કે જેને બંધન હતું જ નહીં–તેને, 'તમે છૂટયા' એમ કહેવું તે ઠીક નથી.–ઊલ્ટો તે કોપ કરે કે ભાઈ! હું બંધાયો' તો જ ક્યારે?–કે તું મને છૂટો થવાનું કહે છે! તેમ જીવને પર્યાયમાં સ્વાનુભૂતિના અભાવે બંધન છે, અને પર્યાયમાં સ્વાનુભૂતિવડે બંધનથી છૂટીને મોક્ષ થાય છે;–આ રીતે પર્યાયમાં બંધ–મોક્ષ તથા મોક્ષનો પ્રયત્ન ઘટે છે; પણ શુદ્ધનિશ્ચયથી જોતાં જીવને બંધન નથી, એટલે બંધથી છૂટવારૂપ મોક્ષ પણ શુદ્ધનિશ્ચયનયમાં નથી. આ રીતે વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત જીવને મુક્તજીવસમાન પોતાનો શુદ્ધઆત્મા ઉપાદેય છે, એમ ભાવાર્થ છે.

ઉપાદેય કરવો એટલે તેમાં તન્મય થઈને અનુભવ કરવો. માત્ર ધારણાથી કે વિકલ્પથી કહે તેની વાત નથી; સમયસારની છઠ્ઠી ગાથામાં પણ કહ્યું છે કે જ્ઞાયક–

સ્વભાવને પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે જ્યારે ઉપાસ્યો એટલે કે અનુભવમાં લીધો ત્યારે તે આત્માને 'શુદ્ધ' કહેવામાં આવે છે. જ્ઞાયકસ્વભાવને 'શુદ્ધ' કહ્યો,–પણ કિસકો? સબકો નહીં; જેણે અંતરની સ્વાનુભૂતિવડે તેને ઉપાસ્યો તેને જ શુદ્ધ કહ્યો. દ્રવ્યઅપેક્ષાએ શુદ્ધ છે પણ જ્યારે તે દ્રવ્યસ્વભાવનું લક્ષ કર્યું ત્યારે 'આ શુદ્ધ છે' એમ અનુભવમાં આવ્યું, તેને જ શુદ્ધાત્માની ઉપાસના કહેવાય છે, અને તેણે જ સ્વાનુભૂતિવડે શુદ્ધાત્માને ઉપાદેય કર્યો છે. ગુરુએ કહ્યું કે શાસ્ત્રમાં કહ્યું માટે માની લીધું– એ યથાર્થ નથી, પોતે અંતર્મુખ થઈને પોતાના વેદનમાં આવ્યા વગર 'શુદ્ધ છું' એમ કઈ રીતે માન્યું? પોતે સ્વાનુભૂતિ વડે ત્રિકાળ સ્વભાવને દ્રષ્ટિમાં લઈને શુદ્ધનો અનુભવ કર્યો ત્યારે આત્માને અભેદપણે શુદ્ધ કહ્યો. માત્ર શુદ્ધની કે ધ્રુવની વાત કરે કે સાંભળીને ધારી લ્યે તેથી તેને શુદ્ધ નથી કહેતા. જેણે સ્વસન્મુખ થઈને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરી તે શુદ્ધના અનુભવ દ્વારા 'આખું દ્રવ્ય આવું શુદ્ધ છે' એમ શુદ્ધને પ્રતીતમાં લ્યે છે. આવી સ્વાનુભવ સહિતની પ્રતીત તે જ સાચી પ્રતીત છે. બધા જીવો શુદ્ધ સિદ્ધસમાન છે,–પણ તે જાણ્યું કોણે?–જે પોતે શુદ્ધપર્યાયરૂપે પરિણમ્યો તેણે આત્માને શુદ્ધ જાણ્યો; ને તેને જ ખરેખર 'શુદ્ધ' કહેવાય છે.

શુદ્ધદ્રવ્યસ્વભાવ છે–એમ જ્યાં દ્રષ્ટિમાં લીધું ત્યાં પર્યાયમાં પણ તે શુદ્ધતા પ્રગટી, એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ થયા. તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે પર્યાયને આત્મારૂપ કહ્યા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ગાથા ૨૨, ૩૫ તથા ૩૯ માં અમૃતચંદ્રસ્વામીએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર ત્રણેને આત્મારૂપ કહ્યા છે. એટલે વિકલ્પરૂપ શ્રદ્ધા વગેરેને ખરેખર સમ્યગ્દર્શનાદિ કહેતાં નથી; પણ 'આત્મારૂપ' એટલે કે આત્માની સન્મુખ થઈને પ્રગટેલા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ યથાર્થ છે; તે જ મોક્ષનું કારણ છે.

( – વિશેષ આવતા અંકમાં વાંચશોજી )

---

# રાક્ષસ એ દેવ છે

રાક્ષસ, ભૂત વગેરે નામ સાંભળતાં સામાન્યપણે ભયાનકતાનો આભાસ થાય છે; વાસ્તવમાં તો રાક્ષસ ને ભુત એ દેવો છે. વ્યન્તરજાતના દેવોમાં રાક્ષસ અને ભૂત વગેરે આઠ પ્રકાર છે.

આ રાક્ષસો કે ભૂત કદી માંસ ખાતા નથી. રાવણ પણ મનુષ્ય હતો, તે માંસાહારી ન હતો.

# સાચા દેવ-ગુરુ પાસે આવીને જીવે શું કરવું ?

## સમ્યક્ત્વ વડે આત્માના આનંદના અનુભવ વિના તારું દુઃખ મટશે નહીં.

જીવના કલ્યાણને માટે જ્ઞાની ઉપદેશ આપે છે કે આત્મ–હિતના અભિલાષી મુમુક્ષુ જીવો ગૃહીત–અગૃહીત મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રને છોડીને, અને શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અંગીકાર કરીને આત્મકલ્યાણના માર્ગમાં લાગો; પરાશ્રયભાવરૂપ આ સંસારમાં ભટકવાનું છોડો, મિથ્યાત્વાદિ ભાવોનું સેવન છોડો......સાવધાન થઈને આત્માને રત્નત્રય ધર્મની આરાધનામાં જોડો.

કુંદકુંદસ્વામી નિયમસારમાં કહે છે કે–

**મિથ્યાત્વ-આદિક ભાવ રે! ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવને ભાવ્યા નથી પૂર્વે જીવે. (૯૦)**

અરે જીવ! હવે એવા મિથ્યાત્વાદિ દુઃખદાયી ભાવોને છોડ, ને આત્માના કલ્યાણના માર્ગમાં લાગી જા. અરે, હું તો દેહથી ને રાગથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છું –એમ શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરીને આત્મહિતમાં લાગી જા. ભાઈ! આવું મનુષ્યપણું પામીને તેં આત્માને મેળવ્યો કે નહીં? તારા આત્માનો ઉદય તેં કર્યો કે નહીં? કે પારકી ચિન્તામાં જ જીવન વીતાવ્યું? અરે, અત્યાર સુધી આત્માને ભૂલીને મિથ્યાભાવોના સેવન વડે પોતે પોતાનું અહિત કર્યું; અને તેમાંય કુદેવ–કુગુરુ–કુધર્મના સેવનથી તો આત્માનું ઘણું જ અહિત થયું ને દુઃખ ભોગવ્યું. માટે હે જીવ! તું સાચા દેવ–ગુરુ–ધર્મને ઓળખીને સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ કર.–એમ કરવાથી તારું પરમ હિત થશે.

અરે, ઘણા જીવો તો એવા છે કે ભગવાને કહેલા વીતરાગ વિજ્ઞાનને તો ઓળખતા નથી, અને મૂઢતાને લીધે એમ સમજે છે કે અમે કંઈક તત્ત્વજ્ઞાન કરીએ છીએ,–પણ ઊલ્ટું કુગુરુઓના નિમિત્તથી વિપરીત વિચારમાં જ શક્તિ ગુમાવીને મિથ્યાત્વને પુષ્ટ કરે છે. એવા જીવોને તો સમ્યગ્દર્શન વગેરેની પ્રાપ્તિનો અવકાશ જ નથી.

હવે કદાચિત્ થોડીક વિવેકબુદ્ધિ પ્રગટ કરે ને કુદેવ–કુગુરુ–કુધર્મ પાસેથી પણ છૂટીને સાચા વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પાસે આવે, તો ત્યાં પણ તે દેવ–ગુરુ શુદ્ધાત્માના અનુભવનો જે નિશ્ચય ઉપદેશ આપે છે તેને તો તે ઓળખતો નથી, ને માત્ર વ્યવહારશ્રદ્ધા કરીને, ખરેખર અતત્ત્વશ્રદ્ધાળુ જ રહે છે, જોકે તેને મિથ્યાત્વાદિની મંદતા થઈ છે તે અપેક્ષાએ દુઃખ પણ મંદ છે, પણ સમ્યગ્દર્શન વડે આત્માના આનંદનો અનુભવ થયા વગર દુઃખ કદી મટે નહિ; મંદ–તીવ્ર થયા કરે પણ તેનો અભાવ ન થાય; માટે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સિવાય જીવ બીજા જે ઉપાય કરે તે બધા જૂઠા છે. સાચો ઉપાય શું છે? કે વીતરાગ–વિજ્ઞાન, એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર.

અરે, જીવને પોતાને પ્રત્યક્ષ જે દુઃખ વેદાઈ રહ્યું છે તે પોતાનું દુઃખ પણ જેને ન ભાસે, તો બીજા તેને કઈ રીતે બતાવશે? પોતાના પરિણામ જોવા જેટલી ધીરજ ને વિશુદ્ધતા હોવી જોઈએ. ભાઈ, જરાક ધીરો થઈને અંતરમાં વિચાર કે શાસ્ત્રો જે દુઃખોનું વર્ણન કરે છે એવું દુઃખ તારામાં વેદાય છે કે નહિ? તારાં દુઃખને અને દુઃખનાં કારણોને જાણ, અને તેનાથી છૂટવા આ મનુષ્યજીવનને ધર્મસાધનામાં લગાવ, તો તને મોક્ષસુખ મળશે. મોક્ષસુખ મનુષ્યપણામાં જ સાધી શકાય છે; પણ જો મોક્ષસાધનને બદલે વિષયોમાં જ મનુષ્યપણું ગુમાવી દઈશ તો તું પસ્તાઈશ.

અરે, શ્રીગુરુ વારંવાર સમજાવે છે પણ જીવ સમ્યક્ પરિણમન કરતો નથી, અંદર ઊંડો વિચાર જ કરતો નથી. ભાઈ, નિજહિત કેમ થાય તેની તું વિચારણા કર. મોક્ષમાર્ગપ્રકાશકમાં પં. ટોડરમલ્લજી કહે છે કે–‘ભલું થવા યોગ્ય હોવાથી જીવને એવો વિચાર આવે છે કે હું કોણ છું? ક્યાંથી આવી અહીં જન્મ ધર્યો છે? મરીને ક્યાં જઈશ? મારું સ્વરૂપ શું છે? આ ચારિત્ર કેવું બની રહ્યું છે? મને જે આ ભાવો થાય છે તેનું ફળ શું આવશે? તથા આ જીવ દુઃખી થઈ રહ્યો છે તો એ દુઃખ દૂર થવાનો ઉપાય શું છે? આટલી વાતનો નિર્ણય કરીને જેથી પોતાનું હિત થાય તે જ કરવું’–આમ વિચારપૂર્વક તે જીવ ઉદ્યમવંત થાય છે. અતિ પ્રીતિપૂર્વક શ્રવણ કરીને ગુરુએ કહેલા વસ્તુસ્વરૂપને પોતાના અંતરમાં વારંવાર વિચારે છે; અને સત્ય સ્વરૂપનો નિશ્ચય કરીને તેમાં ઉદ્યમી થાય છે.....ને આ રીતે વીતરાગવિજ્ઞાન વડે પોતાનું કલ્યાણ સાધે છે. માટે હે જીવો! વીતરાગી દેવ–ગુરુનો ઉપદેશ પામીને, પોતાના કલ્યાણ માટે સાચા આત્મતત્ત્વનો નિર્ણય કરો.

------------***-----------

# * આત્માનું અસ્તિત્વ *

( સોનગઢમાં પંચાસ્તિકાયના પ્રવચનમાંથી )

આત્માનો સ્વભાવ એટલે કે આત્માનું અસ્તિત્વ જ્ઞાનથી રચાયેલું છે; આત્માનું અસ્તિત્વ દેહથી કે રાગથી રચાયેલું નથી.

જ્ઞાનથી આત્માનું અસ્તિત્વ છે એટલે કે જ્ઞાન સાથે તેને એકરૂપતા છે; દેહ સાથે કે પુણ્ય–પાપ સાથે આત્માને એકરૂપતા નથી, તેના વગર પણ આત્માનું અસ્તિત્વ ટકી રહે છે.

જ્ઞાન તે આત્મા છે–એમ લક્ષમાં લઈને એકાગ્ર થતાં આત્મામાં એકાગ્ર થવાય છે, કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પરંતુ દેહ તે આત્મા, કે રાગ તે આત્મા–એમ લક્ષમાં લ્યે તો આત્મામાં એકાગ્ર થવાતું નથી કેમકે તે ખરેખર આત્મા નથી.

એક જ્ઞાનનું અસ્તિત્વ, ને બીજું આત્માનું અસ્તિત્વ, એમ કાંઈ બે ભિન્ન ભિન્ન અસ્તિત્વ નથી, બંનેનું એક અસ્તિત્વ છે, બંને અભિન્નપ્રદેશી છે, તેમજ બંનેને એકભાવપણું છે.

જ્ઞાન અને આત્માનો એક ભાવ છે, પણ રાગ અને આત્માનો એક ભાવ નથી, તેમનો તો ભિન્ન ભાવ છે; તેમજ દેહ અને આત્માનો એક ભાવ નથી, તેમને ભિન્ન ભાવ છે. અહો ! આવું ભેદજ્ઞાન કરીને જ્ઞાનવડે જાણનારને જાણવો–તેમાં મહાન આનંદ છે. રાગ અને રોગ વગરનો આત્મા મહાન આનંદનું ધામ છે.

દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી કે ભાવથી આત્માને અને જ્ઞાનને ભિન્નપણું નથી, પણ એકપણું છે. પોતાના આવા જ્ઞાનમય અસ્તિત્વને જાણવું, એટલે જ્ઞાનથી પોતાની જરાય ભિન્નતા ન માનવી, ને પોતાના જ્ઞાનમય અસ્તિત્વમાં રાગાદિ પરભાવોને જરાય એકમેક ન કરવા,–આવું સમ્યક્ ભેદજ્ઞાન, એટલે કે સ્વમાં એકતા ને પરથી ભિન્નતાનું ભાન, તે મોક્ષનો ઉપાય છે.

જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને સામાન્યપણે એકરૂપપણું હોવા છતાં વિશેષ અપેક્ષાએ જ્ઞાનના અનેક પ્રકારો હોવામાં કોઈ વિરોધ નથી. મતિ–શ્રુત વગેરે જ્ઞાનના ભેદો છે તેઓ કાંઈ સામાન્યજ્ઞાનની એકતાને તોડતા નથી પણ ઉલટા તેને અભિનંદે છે –ભેટે છે, એ વાત સમયસારની ૨૦૪ ગાથામાં કરી છે. સર્વજ્ઞદેવે સાક્ષાત્ જોયેલો આવો જ્ઞાનસ્વરૂપ આત્મા, તે અજ્ઞાનીઓએ કદી જોયો નથી. એકપણું ને અનેકપણું બંને સાથે રહે એવો તો વસ્તુનો સ્વભાવ જ છે.

અનંત ગુણનો આધાર એક દ્રવ્ય છે, તે એકમાં એકાગ્ર થતાં અનંત ગુણોનો વિકાસ થઈ જાય છે; પણ એકેક ગુણનો ભેદ પાડીને લક્ષમાં લેવા જાય તો વિકલ્પ જ થાય છે ને એકપણ ગુણનો વિકાસ નથી થતો. માટે અનંત ગુણ–પર્યાયના આધારરૂપ એવા એક દ્રવ્યને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે ગુણો ખીલે છે.

**એક પત્રઃ-**

સોનગઢ સંસ્થાના માનનીય ટ્રસ્ટી શ્રી મગનલાલ સુરેન્દ્રનગરથી ગુરુદેવ પ્રત્યે ભક્તિપૂર્વક લખે છે કે–આત્મધર્મના ૩૨૨ મા અંકમાં 'જૈનમત એટલે વસ્તુસ્વરૂપ' એ લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રી તરફથી જણાવવામાં આવેલા ખુલાસા વાંચી ઘણો સંતોષ થયો, હાલમાં જે કેટલીક ગેરસમજુતીઓ વર્તી રહી છે તે આ ખુલાસાઓ વાંચતાં જરૂર દૂર થશે; સાચી સમજ થશે, વિખવાદ દૂર થશે, અને એકબીજા પ્રત્યે વાત્સલ્યભાવ પેદા થશે. કોઈ પુણ્યયોગે પૂજ્ય ગુરુદેવશ્રીનો જોગ મળ્યો, સત્ય સાંભળવા મળ્યું. આ લેખ વાંચીને મને ઘણી પ્રસન્નતા થઈ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો મહાન ઉપકાર છે.

વિશેષમાં તેઓ લખે છે કે તે અંકમાં 'સ્વભાવના મહિમાની મધુરી પ્રસાદી' (ગાથા ૩૨૦ નાં પ્રવચન) તેમાં પણ ઘણા સરસ ખુલાસા છે, પરમ સત્ય છે.

**વૈરાગ્ય સમાચારઃ-**

મોરબીના ભાઈશ્રી કાન્તિલાલ પ્રેમચન્દ ઘડિયાળીના ધર્મપત્ની શ્રી કાન્તાબેન તા. ૨૭–૮–૭૦ ના રોજ હેમરેજની બિમારીથી સ્વર્ગવાસ પામી ગયા છે. તેમની અસ્વસ્થ તબીયત વખતે પણ તેઓ ઘરે ધર્મશ્રમણ કરતા હતા; તેઓ ભદ્રિક હતા, ને અવારનવાર સત્સંગનો લાભ લેતા હતા.

ઘાટકોપર મુકામે વસંતબેન નગીનદાસના સુપુત્રી રંજનબાળા નગીનદાસ કપાસી તા. ૨૧–૮–૭૦ નારોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવગુરુધર્મની ઉપાસના વડે આત્મહિત પામો.

(આ વિભાગમાં શરતચુકથી કોઈ સમાચાર બાકી રહી ગયા હોય તો ફરીને લખી મોકલવા સૂચના છે.)

* * *

બાલવિભાગના નવા સભ્યોનાં નામ આવતા અંકમાં આપીશું.

કેટલાક જિજ્ઞાસુઓનાં પત્રો આવેલ છે, તેમના જવાબ હવે પછી આપીશું.

* * *

આત્મધર્મના જિજ્ઞાસુ ગ્રાહકો નવા વર્ષનું લવાજમ રૂા. ચાર વેલાસર (જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ, સૌરાષ્ટ્ર) એ સરનામે મોકલી આપે અથવા પોતાના ગામના મુમુક્ષુ મંડળમાં ભરી આપે, એવી સૂચના છે. સેંકડો ગ્રાહકોનું લવાજમ આવી ગયું છે; બાકીનાં સૌ દીવાળી પહેલાં લવાજમ મોકલી આપશોજી.

# સાધક...........................

## 'તારું દર્શન પણ આનંદકારી છે'

હે સાધક! જગતની સર્વશ્રેષ્ઠ આનંદનિધિને પ્રાપ્ત કરીને તારામાં તેને તું સાધી રહ્યો છે...તારી સાધના તારામાં જ સમાય છે ને તારું સાધ્ય પણ તારામાં છે. પછી કોની તાકાત છે કે તારી સાધનામાં બાધના કરે? સાધના એટલે જ આનંદ...તે આનંદસાધનામાં કોઈ સંયોગો નથી તો અનુકૂળ, કે નથી પ્રતિકૂળ. સાધનાની પાડોશમાં રહેલા ક્રોધાદિ પરભાવો તે પણ સાધનાને બાધા કરી નથી શકતા, કેમકે સાધના તો તેનાથી પણ ક્યાંય ઊંડી છે. તે ઊંડાણમાં સાધક સિવાય બીજું કોઈ પહોંચી શકતું નથી.–પરભાવો તેમાં પહોંચી શકતા નથી કે પરદ્રવ્યો તો ક્યાંય દૂર છે. આવી ઊંડી આત્મસાધનામાં તત્પર હે સાધક! તું જ આ જગતમાં ધન્ય છો...અનંતાનંત જીવોમાં તું જ મહાન છો, તેં મહાન ચૈતન્યનિધાન પ્રાપ્ત કરી લીધા છે. તું સ્વયં તો આનંદરૂપ છો...ને તારું દર્શન પણ આનંદકારી છે. તને દેખી–દેખીને જગતના જીવો આત્માના આનંદની પ્રેરણા મેળવે છે ને દુઃખોને ભૂલી જાય છે. કુંદકુંદસ્વામી પણ કહે છે કે હે સાધક! તું ધન્ય છો...તું કૃતકૃત્ય છો...તું શૂરવીર છો...તું પંડિત છો.

અહા! તું જ સાચો આત્માર્થી અને તું જ સાચો મુમુક્ષુ થયો છે. તારા જે મહાન ધ્યેય ઉપર તેં મીટ માંડી છે તે ધ્યેયના લક્ષે તું આગળ ને આગળ જઈ રહ્યો છે; વચ્ચે પ્રતિકૂળતાના પહાડ આવે તોપણ તારા ઉત્તમ માર્ગને રોકી શકવાના નથી. કેવા મહાન છે તારા દેવ! કેવા મહાન તારા ગુરુ! કેવો ઉત્તમ તારો ધર્મ! ને કેવો મજાનો તારો માર્ગ! આવા દેવ–ગુરુ–ધર્મ તારા હૃદયમાં બિરાજમાન છે અને માર્ગને સાધવામાં તેઓ સદાય તારી સાથે જ છે, તોપછી તને કોઈ ભય નથી, કોઈ ચિંતા નથી. અહા! તને દેખીને અમારો આત્મા પણ અત્યંતપણે ચાહે છે કે તારા માર્ગે આવીએ......ને તારા જેવા થઈએ.

# બાર ભાવના * ( પં. જયચંદજી રચિત )

( દોહા )

( ૧ ) દ્રવ્યરૂપ કરિ સર્વ થિર, પરજય થિર હૈ કૌન ? દ્રવ્યદૃષ્ટિ આપા લખો પર્યયનય કરિ ગૌન.
( ૨ ) શુદ્ધાતમ અરુ પંચગુરુ જગમેં શરના દોય, મોહ ઉદય જીયકે વૃથા આન કલ્પના હોય.
( ૩ ) પરદ્રવ્યનતેં પ્રીતિ જો હૈ સંસાર અબોધ, તાકો ફલ ગતિ ચારમેં ભ્રમણ કહ્યો શ્રુત શોધ.
( ૪ ) પરમારથતેં આતમા એકરૂપ હી જોય, કર્મનિમિત્ત વિકલપ ઘને, તિન નાશે શિવ હોય.
( ૫ ) અમને અપને સત્ત્વકું સર્વ વસ્તુ વિલસાય, એસે ચિંતવે જીવ તબ, પરમેં મમત ન થાય.
( ૬ ) નિર્મલ અપની આતમા દેહ અપાવન ગેહ, જાની ભવ્ય નિજ ભાવકો, યાસોં તજો સનેહ.
( ૭ ) આતમ કેવલ જ્ઞાનમય નિશ્ચયદૃષ્ટિ નિહાર, સબ વિભાવ પરિણામમય આસ્રવભાવ વિદાર.
( ૮ ) નિજસ્વરૂપમેં લીનતા નિશ્ચય સંવર જાન, સમિતિ ગુપ્તિ સંયમ ધરમ ધરેં પાપકી હાન.
( ૯ ) સંવરમય હૈ આતમા પૂર્વકર્મ ઝડ જાય, નિજસ્વરૂપકો પાયકર લોકશિખર જબ થાય.
( ૧૦ ) લોકસ્વરૂપ વિચારિકે આતમરૂપ નિહાળ, પરમારથ વ્યવહાર મુણિ મિથ્યાભાવ નિવાર.
( ૧૧ ) બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાંહી, ભવમેં પ્રાપ્તિ કઠિન હૈ યહ વ્યવહાર કહાહિં.
( ૧૨ ) દર્શન–જ્ઞાનમય ચેતના, આતમધર્મ વખાણ, દયા–ક્ષમાદિક–રત્નત્રય યામેં ગર્ભિત જાણ.

* * *

## ક્ષ મા ભા વ ના

આત્મધર્મનું સંપાદન શ્રી પરમપૂજ્ય દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે સંપૂર્ણ બહુમાન અને ભક્તિપૂર્વક, તેમની આમન્યાનું પાલન કરીને, અને આત્મધર્મને જિનવાણીતુલ્ય સમજીને હૃદયના ભાવથી કરવામાં આવે છે; આત્મધર્મ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હજારો સાધર્મીજનોનો સંપર્ક થાય છે...અને અરસપરસ હાર્દિક વાત્સલ્યધર્મપ્રેમ વધે તે રીતે સંપાદન કરવામાં આવે છે. આમાં કોઈ પ્રકારે મારી ભૂલચૂક થઈ હોય, કોઈને પણ મારાથી દુઃખ થયું હોય તો નિર્મળ અંતઃકરણપૂર્વક ક્ષમાભાવના ભાવું છું.

–બ્ર. હરિલાલ જૈન.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૨૮૦૦